Gyan Amrit
ज्ञानामृत

Vol.16 - Issue 11
November 2023
Price 15/-

અમદાવાદમાં 'કન્ઝુમર ફોરમ' દ્વારા આયોજિત 'તમાકુ ટેક્ષેશન'ની પરિચર્ચામાં વિવિધ રાજ્યોના વિષય નિષ્ણાતો સાથે સમૂહચિત્રમાં પૂર્વ સાંસદસભ્ય ભગિની રમાબેન માવાણી, બ્ર.કુ. નંદિનીબેન.

ગુજરાત ગ્લોબલ રીટ્રીટ સેન્ટર ખાતે આયોજિત ત્રિદિવસીય ગહન યોગ તપસ્યા ભઠ્ઠીનો દીપ પ્રજ્વલન કરી શુભારંભ કરતાં બ્ર.કુ. પૂનમબેન (ઇન્દોર), બ્ર.કુ. નેહાબેન, તથા મણિનગર સબઝોનની સીનીયર ટીચર્સ બહેનો.

મુન્દ્રા કચ્છમાં 'અદાણી ફાઉન્ડેશન' દ્વારા બ્ર.કુ. સુશીલાબેનનું શૉલથી સન્માન કરતાં સી.એસ.આર.ના હેડ ભગિની પંક્તિબેન.

અમદાવાદ નારોલ ટ્રાન્સપોર્ટ વિભાગમાં 'નશામુક્ત અભિયાન'માં AMCના ડૉ. ધમેન્દ્રકુમાર જૈન, એડ્ઝ કંટ્રોલ સોસાયટીના ડેપ્યુટી ડાયરેક્ટર પવન ભારદ્વાજ, જીતેન્દ્રભાઈ પટેલ, બ્ર.કુ. રંજનબેન.

ખેડામાં 'શ્રમદાન દ્વારા સ્વચ્છાંજલિ' કાર્યક્રમમાં મુખ્ય રસ્તાઓની સફાઈ બાદ MLA કમલેશભાઈ, CEO ભદ્રેશભાઈ, BJP યુવા મોર્ચાના પ્રમુખ વિજયભાઈ, બ્ર.કુ. દક્ષાબેન તથા બ્રહ્માકુમાર ભાઈ-બહેનો.

સુરત મોટા વરાછા ખાતે 'સ્વચ્છતા હી સેવા'નો સંદેશ આપવા સફાઈ અભિયાન દ્વારા સેવાકેન્દ્રના વિસ્તારની સફાઈ બાદ સમૂહચિત્રમાં બ્ર.કુ. રૂપલબેન સાથે બ્રહ્માકુમાર ભાઈ-બહેનો.

સુરત બાલાજી ખાતે સીનીયર સીટીઝન ભાઈ-બહેનોને ઈશ્વરીય સંદેશ આપ્યા બાદ પ્રમુખ ભ્રાતા કનુભાઈ સાથે બ્ર.કુ. ફાલ્ગુનીબેન.

વિસનગરમાં 'એન્જીનીયર્સ દિવસે' એસ.કે. પટેલ એન્જીનીયરીંગ કૉલેજમાં પ્રવચન આપતાં બ્ર.કુ. જસલીનબેન તથા સભામાં ઉપસ્થિત એન્જીનીયરીંગ કૉલેજના વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો.

Gyan Amrit
જ્ઞાનામૃત

વર્ષ ૧૬ નવેમ્બર - ૨૦૨૩ અંક : ૧૧

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર

અમૃતસૂચિ

- સાંપ્રત સમસ્યાઓ ....તંત્રી સ્થાનેથી ..04
- અમૃતધારા - સ્વધર્મમાં સ્થિત ....દાદી જાનકીજી ..06
- સૂક્ષ્મ આધ્યાત્મિક પુરુષાર્થ ....બ્ર.કુ. જગદીશચંદ્ર ..08
- દાદી ઓલરાઉન્ડર ....બ્ર.કુ. હેમંત ..13
- સતયુગી સંસાર ....બ્ર.કુ. મધુ ..18
- પ્રસંગ પરિમલ 20
- કવિતા ....બ્ર.કુ. જૂનાગઢ ..24
- દિવ્યદર્શન - દિવાળી ....બ્ર.કુ. નંદિની ..25
- જીવનરૂપી બગીચાની સુગંધ - ....બ્ર.કુ. ગોદાવરીબેન ..26
- બીમારીઓની સુનામી આવી રહી છે ....બ્ર.કુ. ડો. સુરેજા ..28
- મનને સ્વાસ્થ્ય સાથે સંબંધ...................બ્ર.કુ. કિશોર ..29
- પ્રભુને પત્ર ....બ્ર.કુ. ઉમેશ ..30
- પ્રભુ સંદેશ ....બ્ર.કુ. શંકરભાઈ ..31
- વર્ષ 2024 માટે વિશેષ સૂચના 32
- સંગમયુગની શબ્દાવલી 34

2023ના લવાજમના નવા દર

ભારતમાં

વાર્ષિક લવાજમ	રૂ.	૧૩૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૨,૨૦૦.૦૦
છૂટક નકલ	રૂ.	૧૫.૦૦

વિદેશમાં

એરમેઈલ વાર્ષિક	રૂ.	૧,૬૦૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૧૨,૦૦૦.૦૦

કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
Phone : 99798 99104

મુદ્રક અને પ્રકાશક
ભારતી રણછોડદાસ સોમૈયા

-:- વિશેષ નોંધ -:-

જ્ઞાનામૃતના નવા સભ્યો સમગ્ર વર્ષ દરમિયાન પણ બની શકાય છે. તેમને જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીના દરેક મહિનાના અંક મળશે. મેમ્બર બનવા લવાજમ જમા કરાવીને જાણ કરવા વિનંતી. લવાજમ ભરવા માટે ફક્ત આપેલ બેંકનો ખાતા નંબર જ વાપરવો. કોઈ પણ મોબાઈલ નંબર ઉપર (Gpay કે Paytm) પેમેન્ટ કરવું નહિ.

જ્ઞાનામૃતના બેંક ખાતાની વિગતો

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય

Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**
Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**

પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય

બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.
Phone: 079 - 2532 4460

Email : gyanamrit.guj@gmail.com

તંત્રી સ્થાનેથી

સાંપ્રત સમસ્યાઓ

જે ભારતભૂમિ તેના પ્રાચીન ગૌરવશાળી, આધ્યાત્મિક, સાંસ્કૃતિક કલાત્મક, સાહિત્યિક વારસાથી, શિલ્પ સ્થાપત્યથી વિશ્વમાં આદર અને સન્માનનું સ્થાન ભોગવતી હતી તેને આજે લૂણો લાગ્યો છે. આજે આપણે જેને ભૌતિકવાદી દેશો અને મહાસત્તાઓ કહીએ છીએ ત્યાંના લોકોમાં સ્વચ્છતા, નૈતિકતા, રાષ્ટ્રભાવનાનું જે ધોરણ જળવાય રહ્યું છે તેના કરતાં આજે આપણે ઘણાય પાછળ રહી ગયા છીએ. આપણે ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં ભૌતિક, વૈજ્ઞાનિક, સંરક્ષણ, ઉત્પાદન, વ્યાપારી ક્ષેત્રે પ્રગતિ ઘણી કરી છે. ભારતના માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીએ વિશ્વમાં ભારતનું નામ ગૂંજતું કર્યું છે. અનેક ઉલ્લેખનીય સિદ્ધિઓ મેળવી છે પણ આજે દેશાદેશમાં ભ્રષ્ટાચારનું, નૈતિક ચારિત્રિક અધઃપતનનું, હિંસાત્મક ઘટનાઓનું, રાજકીય વિખવાદો અને વેરઝેરનું જે પ્રમાણ વધી રહ્યું છે તે શરમજનક છે. મણિપુરની બંધ ના થતી હિંસાત્મક ઘટનાઓ આપણને આઘાત આપે છે.

આજે સમાજનું એક પણ ક્ષેત્ર ભ્રષ્ટાચારથી મુક્ત રહ્યું નથી. શિક્ષણ, શાસન, ન્યાય, કાયદો, સ્વાસ્થ્ય સુખાકારી, વેપાર ઉદ્યોગ, રોડ વગેરેના કોન્ટ્રાક્ટ રાખતી કંપનીઓ અને સલામતી સાથે સંકળાયેલા તેમજ અન્ય ભિન્ન - ભિન્ન ક્ષેત્રો (જેની યાદી ઘણી લાંબી છે)માં કથળતું જતું નૈતિકતાનું ધોરણ ચિંતા કરાવે તેવું છે. પુરુષાર્થને મહત્ત્વ આપનાર, નિષ્કામભાવની વાત કરનાર, નિઃસ્વાર્થ પ્રેમ, ત્યાગ, બલિદાન, આતિથ્ય, વિશ્વ બંધુત્વ, શાંતિ, અહિંસા, ભાઈચારો આદિ બાબતોમાં મહાન ભૂમિકા અદા કરનાર આ રાષ્ટ્ર આજે ભ્રષ્ટ્રાચારના ભરડાથી ભીંસાઈ રહ્યું છે. સમાજ જીવનની રગ-રગમાં વ્યાપેલો ભ્રષ્ટાચાર, નૈતિક, ચારિત્રિક અધઃપતન ક્યાં જઈને અટકશે તે એક વિરાટ સમસ્યા છે.

માનવમાં વધતી જતી લોભવૃત્તિએ માનવને હીન કક્ષાએ મૂકી દીધો છે. તેને સત્તા જોઈએ છે. સુખ સગવડનાં અદ્યતન સાધનો જોઈએ છે. સન્માન જોઈએ છે. પણ આ માટેના નીતિમત્તા-યુક્ત, સદાચારયુક્ત, ન્યાયી અને નક્કર પુરુષાર્થના પ્રયત્નો કરવા નથી. આજે કોઈને સીધાં ચઢાણ ચઢવાં નથી, તે માટે ત્યાગ તપસ્યા અને તીવ્ર પુરુષાર્થને પ્રાધાન્ય આપવું નથી. તે માટેની યથાર્થ લાયકાતો મેળવવી નથી. પણ આજે એને શોર્ટકટ ટૂંકા રસ્તા પસંદ છે. જે માર્ગે તેને સહજતાથી, સરળતાથી બધું ઉપલબ્ધ થાય પણ આ ટૂંકા માર્ગે સત્તા, સંપત્તિ, સન્માન મેળવવા જતાં તેને આત્માના અવાજને દબાવવો પડે છે. સચ્ચાઈ, સફાઈ, નીતિ, પ્રામાણિકતા, ધર્મ, નિષ્ઠા, કર્તવ્ય, ફરજ પાલન આદિના ગળે ટૂંપો દીધો છે. આ બધા પ્રયત્નો કરવા જતાં તેને અનેક ગેર કૃત્યોના ભોગ બનવું પડે છે. અંતે તો પાપનો ઘડો ફૂટે છે. આવી વિશિષ્ટ ગણાવી ભિન્ન ભિન્ન ક્ષેત્રની વ્યક્તિઓ કાયદાની ચુંગાલથી છૂટી શકતી નથી. કેટલીય નામાંકિત પ્રતિભાઓ આજે જેલોમાં છે.

પહેલા કરતાં આજે મહદ અંશે પ્રત્યેક માનવ પાસે સુખ, સગવડનાં સાધનો વધ્યાં છે. સત્તા, સંપત્તિ અને સન્માનમાં વધારો થયો છે. આમ છતાં માનવ સાચાં સુખ, શાંતિ, આનંદ, પ્રસન્નતાને ગુમાવી બેઠો છે. માનવની રીતભાતમાં કૃત્રિમતાએ પ્રવેશ કર્યો છે. સોસીયલ મીડિયાનો દુરુપયોગ

વધ્યો છે. અનેક મહોરાં પહેરીને તે વિવિધ વેશ ભજવે છે. કેટલાક પકડાઈ જાય છે. તેની સંપૂર્ણ માહિતી પ્રીન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયામાં આવે છે. આમ છતાં યુવક યુવતીઓ વિકારોની આગમાં સ્વાહા થઈ જાય છે પછી ઘરાઈને પસ્તાય છે. નિ:સ્વાર્થ પ્રેમ જેવી કોઈ વસ્તુ રહી નથી. વેપારીઓ એટલી અધમ કક્ષાએ પહોંચ્યા છે કે અંબાજી જેવાં વિશ્વ વિખ્યાત દેવસ્થાનોને પ્રસાદ માટે નકલી ઘી પધરાવે છે. કેટલાયે કોલ્ડ સ્ટોરેજોમાં કેટલાય અખાદ્ય પદાર્થો પકડાય છે. પણ વગધારી વેપારીઓ થોડી સજા ભોગવીને છૂટી જાય છે. મોરબી ને હાટકેશ્વર બ્રીજ તેનું કમકમાવી દેનારું ઉદાહરણ છે. આજનો માનવ તો ડગલેને પગલે વેપારી મનોવૃત્તિવાળો બની ગયો છે.

કોઈનું કામ કરવામાં, સમાજસેવામાં પણ તે લાભ અને ફાયદાને શોધી રહ્યો છે. મેવા મળે તો જ સેવા થાય તેવી તેની ગણતરીઓ છે. કોઈનું કામ કરવાથી મને શું મળશે તેનું ગણિત પાકું હોય છે. આમ તેના દરેક કાર્યમાં ગણતરી અને નફા નુકસાનનો અંદાજ સમાયો છે. જેના નામે સંવત ચાલે છે તેવા પરદુ:ખ ભંજન વિક્રમ રાજાની ભાવનાઓને આપણે ભૂલી ગયા છીએ.

આજે પણ દેશમાં જે થોડા ટકામાં પણ મૂલ્યનિષ્ઠ, ત્યાગી, તપસ્વી, નિષ્ઠાવાન, પવિત્ર, નીતિમત્તાયુક્ત પરિવારો છે તેના પુણ્ય પ્રતાપે આટલો મોટો દેશ ટક્યો છે.

પણ આ બધાને અંતે માનવે શું મેળવ્યું ? તેણે માનસિક શાંતિ અને સ્વસ્થતા ગુમાવી દીધી છે. ચહેરા ઉપરની નૈસર્ગિક પ્રસન્નતા ચાલી ગઈ છે. આજનો માનવ હાઈ બી.પી., લો.બી.પી., કેન્સર, ડાયાબીટીસ, હાર્ટ એટેક, મગજનો તાવ, એઈડ્સ જેવી અનેકવિધ બીમારીઓથી ઘેરાઈ ગયો છે. સંયુક્ત કુટુંબો તૂટતાં જાય છે, વૃદ્ધાશ્રમો વધતા જાય છે. નજીકના સંબંધોમાં કોર્ટ-કજિયા, મારા-મારી અને દુષ્કર્મની ઘટનાઓ વધતી જાય છે. દરેક વ્યક્તિ કોઈને કોઈ માનસિક યા શારીરિક વ્યાધિથી પીડિત છે.

આવી પરિસ્થિતિમાં **માનસિક સ્વાસ્થ્ય માટે શુભભાવના, શુભકામના યુક્ત શ્રેષ્ઠ વિચારો કરવા જરૂરી છે.** ખોટા માર્ગેથી મળેલી પ્રાપ્તિઓ સાચું સુખ આપી શકતી નથી. તે માટે **લોભવૃત્તિનો ત્યાગ કરીને જીવનમાં સાદાઈ, સંયમ, સ્વાશ્રય, સંતુષ્ટતા, સરળતા આદિ ગુણો ધારણ કરવા પડશે.**

શાંત એકાંત વાતાવરણમાં દેહભાનથી મુક્ત બનવાનો નિરંતર પ્રયાસ કરીને પરમાત્માની સ્મૃતિમાં રહેવાનો પુરુષાર્થ કરવો પડશે.

દેહભાનની દુનિયાથી મુક્ત થઈ આભાસી દુનિયાથી દૂર થઈ, આત્માના અતલ ઊંડાણમાં ડોકિયું કરી સાચા સુખના માર્ગે પ્રયાણ કરવું પડશે.

સાત્વિક આહાર, શ્રેષ્ઠ સંગ, વ્યસન મુક્તિ, દરરોજ નિયમિત પ્રાર્થના, ધ્યાન આદિને દિનચર્યામાં સામેલ કરવું પડશે. તો જ માનવજીવનમાં સુખ-શાંતિ અને નૈસર્ગિક પ્રસન્નતાનો અનુભવ કરી શકશો.

॥ ૐ શાંતિ ॥

- બ્ર.કુ. કાલિદાસ

દીપાવલી મુબારક
નૂતન વર્ષાભિનંદન
નવયુગ મુબારક

અમૃતધારા

સ્વધર્મમાં સ્થિત થઈ જાઓ

રાજયોગિની દાદી જાનકીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ

શિવબાબા આવ્યા છે આપણાં સર્વ મનોરથો પૂર્ણ કરવા. પણ જ્યારે આપણું દિલ સાફ હોય છે ત્યારે મનોરથો પૂર્ણ થાય છે. સાફ દિલથી મનોરથો સફળ થાય છે. ઈચ્છાઓ સારી ઉન્નતિ કરાવે તેવી હોવી જોઈએ. જેમાં અન્યનું પણ કલ્યાણ સમાયેલું હોય, તો ઈચ્છાઓ અવશ્ય પૂરી થાય છે. પણ શરત છે કે દિલ સાફ હોવું જોઈએ. બાબા કહે છે બાળકો, સ્વધર્મમાં સ્થિત થઈ જાઓ. સ્વધર્મમાં સ્થિત થવા માટે મનથી શાંત અને વાણીથી પણ મૌન રહેવું મુખ્ય જરૂરી છે. જેટલા મૌનમાં રહીશું એટલી મનની એકાગ્રતા સહજ, સારી અને સ્થિર બની શકે છે. આવશ્યક વિનાના બોલ પણ મનની એકાગ્રતા માટે વિઘ્ન રૂપ છે. તે બુદ્ધિને સ્થિર, શાંત થવા દેતા નથી. કાચબો જેમ જરૂર હોય ત્યારે કર્મેન્દ્રિયોનો ઉપયોગ કરે છે અને જરૂર ના હોય ત્યારે અંગો સમેટી લે છે આ રીતે સ્વધર્મમાં સ્થિત થઈએ. હું આત્મા કર્મેન્દ્રિયો દ્વારા કાર્ય કરાવી રહ્યો છું. તેનું ભાન રહે. બાબાનું સત્યધર્મની સ્થાપનાનું કાર્ય ચાલી રહ્યું છે. તેમાં હું મદદગાર છું. મારા મન, વચન, કર્મ, સત્યધર્મની સ્થાપના માટે છે.

ધર્મની પાલનામાં આપણે કોઈપણ હાલતમાં નીચે ના આવીએ. સ્વધર્મમાં સ્થિત રહીએ. મહેનત ના કરવી પડે તેવી સાહજિક અડોલ સ્થિતિ બની રહે. જો કોઈ સમયે કોઈ થોડો ઘણો સહયોગ આપે છે જે સેવા કરે છે એનું બાબા (પરમપિતા શિવ પરમાત્મા) રીટર્ન આપે છે. ભક્તિમાર્ગમાં પણ કોઈ હોસ્પિટલ ખોલે છે તો બાબા તેનું રીટર્ન કરે છે. આપણે જોઈ રહ્યા છીએ કે કોઈપણ આત્મા કંઈપણ સેવા કરે છે તો ભગવાન એને એનું ફળ આપે છે. કોઈ આત્માએ કરેલી સેવા બદલ જો હું ફળ આપું છું તો તે આત્માને હું ભગવાનથી વંચિત કરું છું. તો હું પાપ કરું છું. (કોઈપણ સ્વરૂપે) એને રીટર્ન કરું છું તો એને એવું લાગે છે તેઓ મારા માટે કરે છે. આનાથી કર્મનો હિસાબ કિતાબ બંધાય છે. કોઈ ગમે તેટલું કરે અને આપણે આભાર ના માનીએ એમ નહીં. આભાર ના માનવો તે સભ્યતા નથી. પણ એનો અર્થ એ નહીં કે હું સહયોગ આપનારના ગુણ ગાયા કરું. આવું ન બનવું જોઈએ. હું શા માટે ગુણ ગાઉં. એને ભાગ્ય બનાવવાની તક મળી છે. તેના બદલામાં તેને ખુશી મળે છે. બાબા સર્વને પ્રત્યક્ષ ફળ ખુશી આપે છે. હું શુભ ચિંતક છું તો બાબાને રીટર્ન આપશવા દઉં. બાબા જે રીટર્ન આપશે, તે હું નહીં આપી શકું. દરેક આત્માનું ધ્યાન બાબા તરફ જાય તેવી આપણી સેવા હોવી જોઈએ. સહયોગ કરનાર સિકીલધા (પાંચ હજાર વર્ષ પછી મળેલા) લાડલા સંતાન બનીને પૂરો વારસો લે. મારા લાડલા ના બને. આપણી ભાવના અનાસક્ત હોય, પોતાની કોઈ આસક્તિ ના હોય.

દરેક આત્માનું ધ્યાન સ્વયં તરફ ના ખેંચાવીને બાબા તરફ ખેંચાવવું આ શુભ ભાવના છે. આપણા સુપ્રીમ ટીચર કહે છે કે જે હું સમજાવી રહ્યો છું. જે રીતે સમજાવી રહ્યો છું તેવું તમારી બુદ્ધિમાં બેસી જાય. કારણ કે કોઈ વાત બાકી રહી

જશે, તો અભૂલ નહીં બની શકાય. આત્મ અભિમાની હોતા નથી યા ડ્રામા ઉપર વિશ્વાસ ના હોવાને લીધે ભૂલ થાય છે. જો આત્માનું સંપૂર્ણ જ્ઞાન બુદ્ધિમાં છે, તો દુઃખ યા અફસોસની કોઈ વાત જ નથી.

કેટલાકને દુઃખ નથી થતું પણ થોડો અફસોસ થાય છે. દુઃખ, શોક, અફસોસ ત્રણેમાં ફરક છે. દુઃખ માટે કહેવાય છે ના દુઃખ આપો, ના દુઃખ લો. પણ એવું નહીં કે થોડો અફસોસ પણ ના કરો. શોક થાય છે તે પણ સારું લાગતું નથી. જો આત્માનું જ્ઞાન સારી રીતે જેવું છે તેવું બુદ્ધિમાં બેસી જાય છે તે આ વાતથી મુક્ત રહી શકાય છે. આ આત્મ અભિમાની સ્થિતિ દુઃખ અફસોસ થવા દેતી નથી. આપણી રુહાની કમાણીનો આધાર છે દેહી અભિમાની સ્થિતિ. જે હું શબ્દથી ઉન્નતિ થાય છે તે જ શબ્દથી અવનતિ થાય છે. હું કહેતાં જ આત્માનું પોતાનું સ્વરૂપ તથા પોતાના શ્રેષ્ઠ ગુણ સ્મૃતિમાં આવી જાય.

એ વાત તો સૌ માને છે કે મનુષ્ય કર્મ વગર રહી શકતો નથી. કોઈપણ કર્મને છોડી દેવું તે પણ એક કર્મ છે. અને રોકી દેવું એ પણ કર્મ છે અને એને ન કરવાની ચેષ્ટા કરવી તે પણ એક માનસિક કર્મ છે. જે આત્મા આ કર્મ ક્ષેત્ર પર આવી જાય છે અને શરીર રૂપી કર્મેન્દ્રિયોનો સાથ લે છે, તે કર્મ વિના રહી શકતો નથી. નિંદ્રા કરવી પણ એક કર્મ છે, જે શરીરને વિશ્રામ આપવા માટે કરવામાં આવે છે.

લોકો એ પણ માને છે કે મનુષ્ય જેવું કર્મ કરે છે તેવું જ ફળ તે ભોગવે છે. મનુષ્યને એ ખબર પડતી નથી કે કયું ફળ કયા કર્મનું પરિણામ છે. કર્મનું ફળ એને વહેલા યા મોડેથી મળે છે. પરંતુ જે કર્મ કરી લીધું છે તેનું ફળ તો ભોગવવું પડે છે. મનુષ્ય એને ભોગવવા ન ઈચ્છે તો પણ એનાથી મુક્ત થઈ શકતો નથી. એનાથી મુક્ત તવાનો એક માત્ર ઉપાય યોગ તપસ્યા છે. કેટલીક વાર મનુષ્ય દ્વારા કરવામાં આવેલું નીચલીકક્ષાનું કર્મ એટલું બળવાન હોય છે કે એ એના મનને યોગમાં રસ લેવા દેતું નથી.

જ્યારે કર્મ અને એનું ફળ નક્કી છે અને મનુષ્યે કર્મ કરવાનું જ છે તો મનુષ્યે વિચારવું જોઈએ કે એણે શું કરવાનું જ છે. મનુષ્યનું કોઈ પણ કર્મ ઉદ્દેશ્ય વગરનું હોતું નથી. જ્યારે કોઈ મનુષ્ય કહે છે કે હું આ કર્મ તો એમ જ કરું છું. તે માટે મારા મનમાં કોઈ લક્ષ્ય નક્કી નહોતું. આવી પરિસ્થિતિમાં પણ કોઈને કોઈ ઉદ્દેશ્ય તો હોય છે જ. એના ચેતન મનમાં એ સ્પષ્ટ ના હોય કે એનો ઉદ્દેશ્ય શું છે પરંતુ એના અવચેતનમાં તો કોઈ ઉદ્દેશ્યથી જ તે કર્મ માટે પ્રેરિત થાય છે.

તેથી જો કર્મ કર્યા વિના કોઈ રહી શકતું નથી તો એનું ફળ પણ અવશ્ય ભોગવવું પડે છે. અને કર્મનો ઉદ્દેશ્ય તો હોય છે જ. તો મનુષ્ય કર્તા અને ફળ ભોક્તાને જાણવાનો પ્રયત્ન કરે. કર્મની ગતિનું જ્ઞાન પ્રાપ્ત કરે અને કર્મના મૂળ લક્ષ્યને પણ જાણે. આ સંસાર તો પરિવર્તનશીલ છે અને મનુષ્યનું શરીર પણ પરિવર્તનના નિયમને આધીન છે. ત્યારે અવશ્ય જ કોઈ એવો શાશ્વત અથવા નિત્ય કર્તા છે જે કેટલાયે વર્ષો પછી અથવા કેટલાયે જન્મો પછી પણ તેનું ફળ ભોગવે છે.

જો શરીરથી ભિન્ન કોઈ શાશ્વત અને નિત્યકર્તાને ના માનવામાં આવે અને આ પરિવર્તનશીલ શરીરને જ કર્તા, ભોક્તા માનવામાં આવે તો આ શરીરનો અંત થયા પછી એના કર્મોનું ફળ કોણ ભોગવશે જેનું ફળ અત્યારે તો મળ્યું જ નથી. સિત્તેર વર્ષ પહેલાં મનુષ્યનું જે શરીર હતું જેના દ્વારા એણે પોતાના દાંતથી કોઈને બચકું

(અનુસંધાન પેજ નં. 27 પર)

સૂક્ષ્મ આધ્યાત્મિક પુરુષાર્થ

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી

જ્ઞાનસાગર, પતિત પાવન, નિરાકાર શિવબાબાએ પ્રજાપિતા બ્રહ્માના તન દ્વારા જે આધ્યાત્મિક જ્ઞાન આપણને બાળકોને આપ્યું છે. તેનો સાર આ પ્રમાણે છે. 1. તમે મન-બુદ્ધિ સંસ્કાર સહિત શુદ્ધ આત્મા છો અને શરીરથી સર્વથા ભિન્ન સત્તા છો. 2. પાવન, શક્તિશાળી અને વ્યવહારિક બનવા માટે તમે મને હર શ્વાસ, હરક્ષણ, નિરંતર યાદ કરો. 3. સ્થૂલ જગતમાં પ્રત્યેક કર્મ તથા ઘટના ક્રમબદ્ધ છે તથા પૂર્વ નિશ્ચિત યોજના અનુસાર થાય છે અથવા ‘ડ્રામાનુસાર’ પોતાના નિશ્ચિત સમયે પ્રગટ થઈ જાય છે. 4. તમે પોતાના મન, વચન તથા કર્મની શક્તિને અન્ય આત્માઓના કલ્યાણ માટે અર્થાત્ એમની રુહાની સેવામાં લગાડો, તો તમારો આત્મા પોતાના મૂળ ગુણો અને સંસ્કારોને મેળવશે અર્થાત્ જ્ઞાન સ્વરૂપ, પ્રેમ સ્વરૂપ, આનંદ સ્વરૂપ અને શાંતિ સ્વરૂપ બનીને વર્તમાન સમયે ફરિસ્તા તથા આગામી જીવનમાં વૈકુંઠ યા સ્વર્ગનો અધિકારી બનશે.

એકરસ અવસ્થા

જો ગહનતાપૂર્વક જોવામાં આવે તો કલ્યાણકારી બાપદાદા (શિવબાબા અને બ્રહ્માબાબા) એ આપણા મન બુદ્ધિ માટે જે લક્ષ્મણ રેખા અથવા મર્યાદા રેખા દોરી છે એના ચાર સ્તંભ જ્ઞાન અથવા સ્વચિંતન, રાજયોગ, વિશ્વ કલ્યાણીરૂપ તથા સદા અટલ - અડોલ અવસ્થાની પ્રાપ્તિ છે. વિભિન્ન પરિસ્થિતિઓ, વ્યક્તિઓ, સમસ્યાઓ તથા પ્રાપ્તિઓ હોવા છતાં પણ માનસિક સ્તર પર સદા એક રસ અવસ્થાની અનુભૂતિ થાય. તેથી આધ્યાત્મિક પુરુષાર્થીએ પોતાની સમક્ષ એ અવસ્થા સદૈવ રાખવી જોઈએ. જેનાથી તે હાનિ-લાભ, યશ-અપયશ, જીવન-મરણ, સ્તુતિ-નિંદા તથા સુખ-દુઃખ વગેરેમાં પણ સદા સમાન અવસ્થામાં જ રહે. આ ત્યારે જ શક્ય બને જ્યારે આ સર્વની વચ્ચે પોતાને તેનાથી ન્યારા સમજે અર્થાત્ એની રગ યા આસક્તિ લાભ, યશ, સ્તુતિ તથા સુખમાં પણ ન જાય. એ માટે એણે પોતાની બુદ્ધિના લંગરને આ સાકારી દુનિયામાંથી પ્રાપ્ત થનારા ક્ષણભંગુર સુખોમાંથી ઉઠાવવું જ પડશે જેનાથી એના મન બુદ્ધિ સદૈવ પરમધામ યા સુખધામમાં જ વિચરતા રહે. ‘તમે જેવું વિચારશો તેવા જ બની જશો.’ આ મનોવૈજ્ઞાનિક સિદ્ધાંત અનુસાર જ્યારે પુરુષાર્થીની બુદ્ધિ આત્માઓના મૂળ ગુણ સ્વરૂપ, લક્ષ્ય-લક્ષણ તથા ધામ આદિમાં સ્વાભાવિકરૂપે જોડાયેલી રહેશે ત્યારે એને સાકારી જગતનાં આકર્ષણ આકર્ષિત નહીં કરે તથા અહીં રહેવા છતાં પણ આવી વ્યક્તિ જગતથી ન્યારી તથા પ્યારી રહે છે.

માનવ તથા પ્રકૃતિ

જે રીતે વનસ્પતિ જગતમાં ભિન્ન-ભિન્ન ઝાડ-છોડ, ફૂલ-ફળનો આધાર એના બીજમાં હોય છે જે પોતાની વિભિન્ન સૂક્ષ્મ યોગ્યતા અનુસાર પ્રકૃતિમાંથી ભિન્ન-ભિન્ન માત્રામાં વિભિન્ન પદાર્થ ખેંચીને પોતાને અનુરૂપ જ ફૂલ-ફળ, રસ-સ્વાદ પેદા કરી લે છે. બસ એ રીતે આ ચૈતન્ય જગતમાં પણ વિભિન્ન બદલાતી પરિસ્થિતિઓનો વાસ્તવિક આધાર પણ

આત્માઓની સૂક્ષ્મ અવસ્થા જ હોય છે. જે સમયે આ સાકાર સૃષ્ટિ પર નિવાસ કરનારા જીવ આત્માઓ આત્મસ્થિતિમાં સ્થિત થઈને સંયમી, મર્યાદાયુક્ત તથા વિશ્વબંધુત્વની ભાવનાથી ઓતપ્રોત થઈને કાર્ય વ્યવહારમાં આવે છે ત્યારે તે દૈવી સંપદાવાળા યા ચરિત્રવાન કહેવાય છે. એ સમયનો સમાજ દૈવી સૃષ્ટિ ગણાય છે જ્યાં પ્રત્યેક માનવ સ્વાભાવિક રીતે બીજાઓને સુખ આપીને સ્વયં સુખી અનુભવે છે. આવી સ્થિતિમાં વેર, વિદ્રોહ વગેરે તો જાગૃત થતાં જ નથી, કારણ કે પ્રત્યેક માનવ સ્વયંથી તથા બીજાઓથી સદા સંતુષ્ટ રહે છે. અંતર્મુખતાને કારણે માનસિક શાંતિ તથા સુખ સંપન્નતા ત્યાં ઘરઘરમાં હોય છે.

એના ફળ સ્વરૂપે માત્ર પશુપક્ષી જ નહીં પણ જડ પ્રકૃતિ પણ ત્યાં માનવને આધીન થાય છે તથા મર્યાદા પ્રમાણે નિયમપૂર્વક ચાલે છે. તેનાથી વિરુદ્ધ જ્યારે દેહભાનમાં આવવાના કારણે માનવ અહંકારી તથા વ્યક્તિ, વસ્તુમાં આસક્ત થઈ જાય છે ત્યારે ધીરે ધીરે તે સ્વયં સંયમ, મર્યાદાઓ તથા વિશ્વબંધુત્વની ભાવનાથી દૂર થઈ જાય છે. આસુરી લક્ષણો યા ચરિત્રહીનતાનું સ્વરૂપ છે અને તે કારણે તે સમાજને સુખી બનાવીને સ્વયં સુખી બનવાને બદલે અધિકારભાવ તથા માન-શાનથી પ્રેરિત થઈને વસ્તુઓનો સંગ્રહ કરવા લાગે છે તથા પોતાની શારીરિક, બૌદ્ધિક, રાજનૈતિક અથવા આર્થિકશક્તિનો ઉપયોગ અન્ય વ્યક્તિઓને લૂંટવામાં કરે છે. માનવની જ્યારે આવી અવસ્થા થઈ જાય છે ત્યારે એના અસંયમિત હોવાના ફળસ્વરૂપે પશુ પક્ષીઓમાં પણ વેરભાવ આવી જાય છે. અટલ નિયમોને કારણે પ્રકૃતિ પણ અનિયમિત બની જાય છે તથા ક્રમશઃ દુઃખ અને અશાંતિ ચારે બાજુ ફેલાય જાય છે. ઉપરોક્ત ચર્ચાનો ભાવ એ છે કે એક સમય હતો જ્યારે સૃષ્ટિ એ સમયના માનવને અનુરૂપ હતી. તેથી જો પશુ-પક્ષી તથા જડ-જંગમને પુનઃ નિયમિત બનાવવાં હોય તો એ સ્પષ્ટ છે કે જે એનું અપ્રત્યક્ષ બીજ છે. એને પ્રશિક્ષિત કરીને ફરીથી સંયમી, મર્યાદાયુક્ત અને ચરિત્રવાન બનાવવું જ પડશે.

જ્ઞાન તથા સ્વચિંતનનું લક્ષ્ય અને એના દ્વારા પ્રાપ્તિ

વર્તમાનકાળના આત્મવિસ્તૃત તથા સ્વાર્થી માનવને ફરીથી ચરિત્રવાન બનાવવા માટે, સર્વ સ્નેહી બાપદાદાએ આપણને - બાળકોને જે સાધન બતાવ્યાં છે, એની શરૂઆત જ્ઞાનના આધાર પર યથાર્થ 'સ્વચિંતન'થી કરવાની છે. જ્ઞાનના આધાર પર આપણે મનન-ચિંતન દ્વારા નિશ્ચય કરવાનો છે કે હું શરીર નથી પણ એનાથી સર્વથા ભિન્ન અનાદિ-અવિનાશી ચેતન આત્મા છું. મારું સ્વરૂપ જ્યોતિબિંદુ છે અને મારામાં સમગ્ર કલ્પના સંસ્કાર ક્રમબદ્ધરૂપમાં સમાયેલા છે. આત્માની વાસ્તવિક સૂક્ષ્મતા તથા મહત્તાનો અનુભવ આ વિષય પર ગહન-ચિંતન મનન કરતા રહેવાથી થાય છે. જેટલી ગહન તથા સ્વાભાવિક આ અનુભૂતિ થતી જાય છે, એટલાં જ એના બાહ્યસ્વરૂપ, કર્મ કરવાની પદ્ધતિ અને માનસિક તથા બૌદ્ધિક સ્તરમાં પણ પરિવર્તન થતું જાય છે. આવો પુરુષાર્થી લગભગ કર્મ કરતાં પણ, સ્વયંને ન્યારો તથા નિમિત્તમાત્ર સમજે છે અને સર્વ પ્રકારના ભય, વેર વગેરેથી મુક્ત બને છે. એને ડગલે ડગલે અનુભવ થાય છે કે તે કાર્ય કરવા માટે નિમિત્ત છે. ઉચિત સમય પર ડ્રામાનુસાર સંકલ્પ ઉઠે છે, નિમિત્ત સાધનોનો ઉપયોગ કરે છે અને તે કાર્યાન્વિત થઈ જાય છે. ફલ સ્વરૂપ એને શાંતિની અનુભૂતિ, જે વાસ્તવમાં આત્માનો સ્વધર્મ છે, સ્થાયી બને છે! આ પ્રકારે તે અશાંતિ તથા મૂંઝવણથી દૂર રહે છે. શરીરથી ન્યારાપણાની

વધતી અનુભૂતિ તથા અભ્યાસથી પુરુષાર્થીનાં મન-બુદ્ધિ તથા ઈન્દ્રિયો પર સહજ અધિકાર થતો જાય છે તેથી વિપરીત લાગતી જ નથી. આ પ્રકારે તે સર્વથા અડોલ, હર્ષિતમુખ તથા નિશ્ચિંત રહેવા લાગે છે. પરંતુ આ સર્વ હોવા છતાં પણ, અન્ય આત્માઓથી રુહાની સંબંધની પ્રતીતિના અભાવમાં, એમનું કલ્યાણ કરવાની જવાબદારીની ભાવનાનો પ્રાદુર્ભાવ લગભગ એકાકી અથવા સન્યાસી બની જાય છે. આ ખામીને દૂર કરવા માટે રાજયોગના નિરંતર અભ્યાસની જરૂર પડે છે.

ઉપરોક્ત વર્ણનથી એ સ્પષ્ટ થઈ જાય છે કે જ્યાં સુધી પુરુષાર્થીને કોઈ વ્યક્તિ અથવા વસ્તુમાં મોહ છે, એને મૃત્યુ યા કોઈ વ્યક્તિ અથવા વસ્તુના વિયોગથી ભય અથવા દુઃખની લહેર આવે છે યા કોઈ ઘટનાની ચિંતા એને સતાવ્યા કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો અત્યારે એની ચેતના દેહભાનની છે અને તે આ આત્મિક રોગને કારણે જ સ્વાર્થ, માનસિક સંકુચિતતા, વેર-વિરોધ, ભાવ-સ્વભાવ, નિંદા-સ્તુતિ આદિના કાદવમાં ફસાઈ જાય છે. આત્મિક ઓળખ દ્વારા પુરુષાર્થી યથાયોગ્ય પુરુષાર્થ તથા અભ્યાસ કરીને આ વિઘ્નો પર જીત મેળવી લે છે. પછી પહેલા જેવી પરિસ્થિતિઓમાં પણ એમાં સંવેગાત્મક પ્રતિક્રિયા હોતી નથી તથા એની દરેક વ્યક્તિ માટે સમાન બુદ્ધિ બની જાય છે. જેનાથી કટુતા તથા વૈમનસ્યની ખરાબ ભાવનાઓ એને સ્પર્શી શકતી નથી.

રાજયોગનો નિરંતર અભ્યાસ તથા પ્રાપ્તિ

દૈવી સંપત્તિની પ્રાપ્તિ માટે, બીજો મુખ્ય દૃષ્ટિકોણ જે પુરુષાર્થીનો હોવો જોઈએ, તે છે - અન્ય વ્યક્તિઓ પ્રત્યે ભ્રાતૃત્વ ભાવનાનો પ્રાદુર્ભાવ જેનું વિકસિત રૂપ એની 'વસુધૈવ કુટુંબકમ્'ની ધારણા છે. આ અનુભૂતિની સહજ પ્રાપ્તિ માટે જ જ્ઞાનસાગર શિવબાબાએ રાજયોગનું પ્રશિક્ષણ આપ્યું છે. રાજયોગના અભ્યાસમાં પુરુષાર્થી સ્વયંને આત્મસ્થિતિમાં સ્થિત કરીને સર્વશક્તિવાન્ તથા ગુણોના સાગર પરમધામનાવાસી નિરાકાર પરમપિતા શિવને યાદ કરે છે. ફળ સ્વરૂપ એની આત્મસ્થિતિ તો સુદૃઢ થાય છે અને સાથે સાથે તે બુદ્ધિ દ્વારા સર્વગુણો તથા શક્તિના ભંડારમાંથી ગુણ તથા સર્વશક્તિઓ પણ પ્રાપ્ત કરે છે. એને એ પણ અનુભવ થાય છે કે સર્વ આત્માઓ એ પિતાના સંતાન હોવાને લીધે એના રુહાની ભાઈ જ છે. જે પ્રકારે પાવર હાઉસ સાથે જોડાયેલી ખાલી બેટરીમાં વિદ્યુતશક્તિ પોતાની મેળે જ ભરાઈ જાય છે. બસ એ રીતે સર્વશક્તિમાન બાપ સાથે બુદ્ધિનો સીધો તથા સ્વાભાવિક ભાવનાત્મક સંબંધ જોડાઈ જાય છે. એ ચેતનાથી પ્રેરિત થઈને એનો દૃષ્ટિકોણ એના પ્રત્યે પરિષ્કૃત થાય છે. હવે એને અન્ય આત્માઓનું અજ્ઞાન, દુઃખદર્દ અસર કરે છે તથા એમનો પોકાર એને દ્રવિત કરે છે. હવે તે મન, વચન, કર્મથી એના કલ્યાણના પ્રયાસમાં જોડાયા વિના રહી શકતો નથી. માતા પોતાના બાળકનો પોકાર સાંભળીને તટસ્થ રહી નથી શકતી પણ એની પૂરી શક્તિ લગાવીને પણ બાળકોનાં દુઃખ દર્દને દૂર કરવાનો પુરુષાર્થ કરે છે.

તેથી જો વાસ્તવમાં જોવામાં આવે તો રાજયોગનું લક્ષ્ય પુરુષાર્થીના દૃષ્ટિકોણને વ્યાપક બનાવે છે. જેનાથી એને સર્વ આત્માઓ પ્રત્યે સ્વાભાવિક આત્મિક પ્રેમ તથા પોતાના કર્તવ્યનો બોધ થાય છે અને તે રુહાની સેવામાં મન, વાણી તથા કર્મથી અથક બનીને જોડાઈ જાય છે.

રુહાની સેવાની સર્વોચ્ચ સ્થિતિ

વાસ્તવમાં પ્રેમનું સ્વરૂપ છે ત્યાગ તથા સેવા

અને એનાથી મળે છે. સંતોષ તથા આનંદ. તેથી એ સ્પષ્ટ છે કે રુહાની સેવા વગર આત્મા પોતાના મૂળગુણ - આનંદનો અનુભવ કરી શકશે નહીં. જેટલો જેટલો પુરુષાર્થી આત્મસ્થિતિમાં પૂર્ણ હશે એટલો જ તે નિઃસ્વાર્થ હશે અને સૂક્ષ્મ ત્યાગ, સહજ તથા સ્વાભાવિક રીતિથી કરી શકશે. વાસ્તવમાં ભૌતિક ઉપલબ્ધિઓ માન શાન તથા અધિકારભાવ સુધીનો સંપૂર્ણ ત્યાગ છે ત્યાં સેવાની સફળતા રહેલી છે. તેથી સાચો રુહાની સેવાધારી સદા ન્યારા અને પ્યારા શિવપિતાના સ્નેહમાં ખોવાયેલો તથા અન્ય આત્માઓના કલ્યાણના ભાવથી એમની સેવામાં લાગેલો રહે છે. લૌકિક સંબંધ તથા સંપર્ક એને આકર્ષિત કરતાં નથી સેકંડમાં વાણીમાં અને સેકંડમાં વાણીથી પરે બાપની પાસે આવ જા કરે છે. એને અનુભવ થતો રહે છે કે બાપની સાથે સાથે તે પણ માત્ર આત્માઓના કલ્યાણ માટે આ સાકાર સૃષ્ટિ પર શરીરમાં નિમિત્તભાવે કાર્ય કરે છે. આ રીતે એના પ્રત્યેક શ્વાસ, સેકંડ યા સંકલ્પ સ્વાભાવિક રીતે જ એમના કલ્યાણ પ્રત્યે જ ચાલે છે. આ પ્રકારે એના મન, બુદ્ધિ માત્ર શ્રીમત અનુસાર ચાલવાને કારણે એની સમસ્યાઓનું પળવારમાં યોગ્ય સમાધાન થઈ જાય છે તથા અપવિત્રતાની અવિદ્યા થઈ જાય છે. એની પાવન કલ્યાણકારી વૃત્તિ તથા પિતૃવત્ પાવન દૃષ્ટિથી વાયુમંડલ તરંગિત થાય છે. જેનાથી એના સંગમાં આવનારા આત્માઓ પણ મનની શાંતિ તથા ઈન્દ્રિયોની શીતળતાનો અનુભવ કરે છે. પ્રકાશ સ્તંભના રૂપમાં તે અન્ય આત્માઓને પણ અશરીરી બિન્દુ રૂપની સ્મૃતિ અપાવ્યા કરે છે. એના મુખમાંથી સદા અન્ય આત્માઓના કલ્યાણનાં મહાવાક્ય નીકળે છે. જે એની સ્વયંની ધારણાઓ તથા અનુભૂતિઓથી સભર હોવાને લીધે પ્રેરણાદાયક હોય છે તથા અન્ય વ્યક્તિઓની જીવન ધારણાને બદલી દે છે. એનું દરેક કર્મ અન્ય વ્યક્તિઓ તથા પુરુષાર્થીઓમાં દિવ્યગુણોની ધારણા કરાવવા માટે નિમિત્ત બને છે. અને આ પ્રકારે તે અન્ય આત્માઓને દિવ્ય પ્રેરણા આપીને એમને આત્મસ્થિતિ તથા રાજયોગના અભ્યાસની તરફ સહજ રીતે વાળે છે.

આવી સ્થિતિએ પહોંચેલો યોગી પોતાની સ્થિતપ્રજ્ઞ બુદ્ધિના આધારે વર્તમાન જગતમાં કામ ક્રોધાદિ સ્વભાવવાળી વ્યક્તિઓની વચ્ચે રહેવા છતાં પણ પોતાની અવસ્થાને ડગવા દેતો નથી પણ એમના કલ્યાણાર્થે પોતાનો પુરુષાર્થ માત્ર કર્તવ્ય સમજીને ચાલુ રાખે છે તથા સ્વાર્થપરાયણ વ્યક્તિઓની લોભ, ક્રોધ તથા અન્ય દૂષિત વૃત્તિઓ, દૂષિત વ્યવહારને જોવા છતાં પણ ડ્રામાની સૂક્ષ્મ ઓળખને કારણે એનાથી ખિન્ન અથવા નારાજ થતો નથી તથા પોતાનું સમતુલન જાળવી રાખે છે. વાસ્તવમાં આવા રુહાની સેવાધારીનું વર્ણન જ ગીતાના બીજા અધ્યાયમાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણ, તેરમા અધ્યાયમાં બતાવેલાં જ્ઞાનીનાં વીસ લક્ષણ અથવા સોળમા અધ્યાયમાં બતાવેલી દૈવી સંપત્તિના છવ્વીસ ગુણોના રૂપમાં છે. જેનું તે જીવંત સ્વરૂપ છે.

ડ્રામાની ધારણા તથા એનાથી પ્રાપ્તિ

ડ્રામાના જ્ઞાનના આધારે રુહાની સેવાધારી એ જાણે છે કે ગીતામાં વર્ણિત આસુરી લક્ષણોવાળી વ્યક્તિ પણ મૂળરૂપમાં એના રુહાની ભાઈ આત્માઓ જ છે. જે સ્વતંત્ર દેખાવા છતાં પણ વર્તમાન સમયે ડ્રામાની નોંધને કારણે આ સમયે એવો સ્વભાવ રાખવા માટે લાચાર છે. તેથી એમના સ્વાર્થી, દંભી, ક્રોધી, અહંકારી અથવા સંકુચિત સ્વભાવ પર ઘૃણાને બદલે રહેમ આવે છે. અને તે યોગી સાચા હૃદયથી પોતાની શક્તિ અનુસાર

એમના કલ્યાણનો મન, વચન તથા કર્મથી પુરુષાર્થ કરતો રહે છે. આ રીતે સ્વાભાવિક રીતે અપકારી ઉપર ઉપકાર કરતા રહેવાથી હૃદયને પણ જીતી લે છે. તે બાબાના આ મહાવાક્ય 'બીતી સો બીતી' યા 'એક સેકંડ પહેલાં જે વીતી ગયું તે ડ્રામા'ની ગહનતામાં જઈ અનુભવ કરે છે કે વાસ્તવમાં જે વ્યક્તિ જે સમયે જે કંઈ કરી રહ્યો છે ડ્રામાનુસાર પોતાના સંસ્કાર, સ્વભાવ તથા પૂર્વ નિશ્ચિત પાર્ટ અનુસાર બરાબર કરી રહ્યો છે. તેથી તે હરહાલતમાં ડ્રામાના પટ્ટા ઉપર ઊભો રહીને અન્ય આત્માઓ પ્રત્યે માનસિક ગ્રંથિ થવા દેતો નથી, જો કે ક્યારેક ક્યારેક જ્ઞાનના આધાર પર તથા બાબાના મહાવાક્યો અનુસાર તે એનાથી થોડા સમય માટે તટસ્થ થઈ જાય છે. આ પ્રકારે સ્પષ્ટ છે કે ડ્રામાની યથાર્થ રીતિ ધારણા, પુરુષાર્થીને અવશ્ય જ દરેક પ્રકારની હલચલથી બચાવે છે તથા એને અચલ, અડોલ તથા એકરસ અવસ્થામાં રહીને આધ્યાત્મિક સ્થિતિની ચરમસીમાએ પહોંચવામાં સહાયતા કરે છે.

આ પ્રકારે આધ્યાત્મિક પુરુષાર્થીએ પોતાની ઉપર નિરંતર ધ્યાન રાખવું જરૂરી છે. ચાલતા ચાલતાં પાછલા સંસ્કારો અથવા હિસાબ કિતાબને કારણે જો એના ઉપર અશાંતિ, ભય, અહંકાર અથવા આસક્તિનો હુમલો થાય છે. તો એણે તરત આત્મ સ્મૃતિ દ્વારા પોતાની આત્મસ્થિતિ ફરીથી સુદૃઢ બનાવવી જોઈએ. જો ઈર્ષ્યા, દ્વેષ, ઘૃણા, થાક, ભાવ સ્વભાવ વગેરેની મહેસૂસતા થાય છે તો યોગ દ્વારા એ આત્માઓ પ્રત્યે ભ્રાતૃત્વભાવને સ્વાભાવિક બનાવીને એમની સૂક્ષ્મસેવા કરવી જોઈએ અને જો આવેશ, ક્રોધ, મૂંઝવણ તથા ગભરાટ યા વ્યર્થ ચિંતન ચાલે છે તો ડ્રામાની ગહનતામાં જઈને પોતાના દૃષ્ટિકોણને ઠીક કરવો જોઈએ. તે સિવાય ખુશી, નશા તથા આનંદના સ્ટોકમાં અભાવ વરતાય છે. તો સ્પષ્ટ છે કે એની રુહાની સેવાનો વિભાગ નબળો છે અર્થાત્ એનાં મન-બુદ્ધિ નિરંતર કમાણી ન કરવાને કારણે નકારાત્મક અથવા વ્યર્થ સંકલ્પોના ચક્રવ્યૂહમાં ફસાઈ જાય છે. તેથી તરત જ એનો યોગ્ય ઈલાજ કરી દેવો જોઈએ. આવું કરતાં એને અનુભવ થશે. કે એનું મન સદા એકરસ અવસ્થા, અલૌકિક નશા, ખુશી તથા આનંદથી ભરપૂર રહેશે. બુદ્ધિ શિવબાબાની યાદમાં તથા સેવામાં વ્યસ્ત રહેશે જેને કારણે નકારાત્મક યા વ્યર્થ સંકલ્પ એની પાસે ફરકવાની હિંમત પણ નહીં કરે. આ પ્રકારે તે સદા જાગતી જ્યોતિ, આધ્યાત્મિક શક્તિથી ભરપૂર થઈને અન્ય આત્માઓની જ્યોતિ જગાવવા, એમને આગળ ધપાવવામાં સફળતા પ્રાપ્ત કરશે તે આ બ્રાહ્મણ જીવનનું લક્ષ્ય છે.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 17નું અનુસંધાન).. દાદી ઓલરાઉન્ડર

આપ્યું અને રાત-દિવસ અથક સેવા કરી, એ માટે જગદીશભાઈ દાદીજીને ખૂબ આદર-માન આપતા, દાદીને જોતાં જ તેઓ ઊભા થઈ જતા અને નમ્ર બનીને હાથ જોડીને ઓમશાંતિ કરતા. સન ૧૯૯૩માં મધુબનમાં રાજાઓની કોન્ફરન્સ હતી, દાદીને તે જોવાની ઈચ્છા હતી, પરંતુ તે સમયે તેઓ બીમાર હતા. જગદીશભાઈ પોતાની સાથે દાદીને એરોપ્લેનમાં મધુબન લઈ ગયા. દાદીએ રાજાઓનું સંમેલન જોયુ. તેઓ એક મહિના સુધી મધુબનમાં રહ્યા, અસ્વસ્થ હોવા છતાં બાપદાદાને મળ્યા અને ૮૯ વર્ષની વયે ૨૩ નવેમ્બર, ૧૯૯૩ના રોજ દેહ ત્યાગ કરી શિવપિતાની ગોદમાં સમાઈ ગયા.

॥ ઓમશાંતિ ॥

અનુવાદ-બ્ર.કુ. વિજય પોશિયા,
ઈન્ડિયા કોલોની, અમદાવાદ.

પ્રભુ પ્રેમિકા, સાચી બાંધેલી ગોપીકા

દાદી ઓલરાઉન્ડરજી

બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન

શ્રીકૃષ્ણની દિવાની ગોપિકાઓ કૃષ્ણની વાંસળી સાંભળતાં જ એક આંખમાં કાજળ તો બીજામાં નહીં, એક પગમાં ચંપલ તો બીજામાં નહીં, આવી ઘેલી અવસ્થામાં મુરલી સાંભળવા ભાગતી હતી. ભાગવતમાં વર્ણિત આવી ગોપિકાઓની જેમ જ દુનિયાવી લોક-લાજની પરવા કર્યા વગર, જ્ઞાનસાગર શિવ પ્રિયતમની જ્ઞાન-મુરલી સાંભળવા રાત્રે પણ ખુલ્લા પગે દોડનાર, ગોપીવલ્લભ પરમાત્માની એક સાચી બાંધેલી ગોપિકા હતી ' રાજયોગિની દાદી ઓલરાઉન્ડરજી' ભક્ત મીરાએ 'મારો તો એક ગિરધર ગોપાલ, બીજુ નહિં કોઈ' એવા દૃઢ નિશ્ચયથી કૃષ્ણના પ્રેમમાં ઝેરનો પ્યાલો પણ પીધો. એવી જ રીતે દિલ-દિમાગ અને મન-ચિત્તથી 'મારા તો એક શિવબાબા બીજુ કોઈ નહીં' એ દ્રઢ નિશ્ચયનાં બળથી યાતનાઓ સહન કરી, અનેક અગ્નિપરીક્ષાઓમાંથી પસાર થઈ દાદીજીએ વેર-વિરોધનું વિષ પીધું. લોકલાજના બંધનોની બેડીઓ તોડીને, શિવ પર બલિહાર થઈ જનાર દાદીજી મુરલીની મસ્તાની ગોપીકા - સાચા પ્રભુ પ્રેમિકા હતાં.

દાદીજીનો જન્મ કરાંચીમાં થયો હતો. લૌકિક પિતા 'બાદુરામજી'એ દાદીજીના લગ્ન 'હાસારામજી' સાથે કરાવ્યા ત્યારે સાસરીમાં નામ 'રૂક્મણી' રાખવામાં આવ્યું! જ્યારે શિવપિતાએ દાદીજીને અવ્યક્ત નામ આપ્યું, 'ધૈર્યપુષ્પા' વિવિધ ક્ષેત્રના અનુભવી અને કાર્યકુશળ દાદી, દરેક પ્રકારના કામ કરવામાં નિપુણ હતા, તેથી જ બ્રહ્માબાબા તેમને પ્રેમથી 'ઓલરાઉન્ડર' કહેતા. યજ્ઞમાં પણ તેઓ 'ઓલરાઉન્ડર દાદીજી'ના નામથી જ પ્રખ્યાત થયા. નિરઅહંકારી દાદીજી દરેક સેવા, ભલે તે નાની હોય કે મોટી, ખૂબ પ્રેમથી કરતા હતાં. દરેક કાર્યમાં કુશળ દાદીએ યજ્ઞમાં ૧૭ પ્રકારની સેવાઓ સંભાળી. બાબાએ ખરીદારી માટે દાદીને ખાસ નિયુક્ત કર્યા હતા. દાદી લૌકિક સંબંધથી ગુલઝારદાદીજીના માતા હતા. દાદીજીનો પ્રિય શબ્દ હતો, 'લાલ'. તેઓ બ્રહ્માવત્સોને પ્રેમથી 'લાલ-લાલ' કહીને બોલાવતા હતા. પાંડવ ભવન(દિલ્લી)માં દિલ્લી ઝોન ઇન્ચાર્જ બની છેલ્લા શ્વાસ સુધી દાદીજીએ સેવા આપી.

દાદીજી પોતાના સંઘર્ષની વાતો આ રીતે સંભળાવે છે, 'મારા એક મામી હતા ગંગા દેવી, તેમને કાશ્મીરથી બાબાના લાલ અક્ષરોમાં પત્રો આવતા, તે પત્રો સાંભળીને સન્નાટો છવાઈ જતો, મનમાં પ્રકાશ ફેલાવા લાગતો. પ્રભુ-પ્રિયતમના પત્રો સાંભળવાની લગનથી હું વારંવાર મારી મામી પાસે જતી. એકવાર બ્રહ્માબાબાને મહાપુરુષ જાણી મામીએ તેમને આમંત્રણ આપ્યું. બાબા, ઓમરાધે, ધ્યાનીદાદી અને ૩૦ લોકો બસ ભરીને આવ્યા. હું પણ સત્સંગમાં ગઈ. ત્યાં બાબાના મસ્તક પર કપાળમાં ચમકતા સફેદ-સફેદ પ્રકાશના ગોળાને એકીટશે જોતી જ રહી અને બાબાને પોતાના ગુરુ બનાવવાનો મનમાં જ દ્રઢ નિશ્ચય કર્યો. બીજા દિવસે બાબાના આદેશ અનુસાર ધ્યાનીદાદીજીએ 'તીન લોક'નાં ચિત્ર દ્વારા જ્ઞાન આપ્યું. બાબા

રોજ સત્સંગ કરતા. બાબાના કપાળ પર પ્રકાશના ચમકતા વલયને જોઈને લાગતું કે જાણે તે ચમકતા ગોળાને જોતા જ રહીએ. બાબા કહેતા કે, 'જેઓ બ્રહ્મચર્યનું પાલન કરશે તેઓ જ દેવલોકમાં જશે' તે સમયે મારા પતિ પણ સત્સંગમાં આવવા લાગ્યા. જ્ઞાન લેતાં-લેતાં તેમનો પણ બાબા સાથે આધ્યાત્મિક સંબંધ બનતો ગયો. અમે બંને પતિ-પત્નીએ પવિત્ર જીવન જીવવાની પ્રતિજ્ઞા લીધી.

હૈદરાબાદમાં બાબાએ બાલ ભવનમાં ઓમમંડળીમાં આવતા જીજ્ઞાસુઓના બાળકો માટે હોસ્ટેલ ખોલી, જેમાં મેં મારી નવ વર્ષની પુત્રી શોભા (દાદી ગુલઝારજી)ને દાખલ કરી. ઓમ મંડળીના વિરોધીઓએ ધરણાં કરીને ઉપદ્રવ કર્યો અને બાળકોને ઘરે મોકલી દીધા, તેમાં શોભા પણ પાછી આવી, પણ તે અલૌકિક જગતમાંથી સાંસારિક દુનિયામાં આવી ગઈ હોય એવું લાગ્યું. ઓમ મંડળીના અધ્યયન (શિક્ષણ) અને સંસારી ઘરની રહેણી-કરણી વચ્ચે જમીન-આસમાનનો તફાવત હતો. આ જોઈને મને લાગ્યું કે દાનમાં આપેલી વસ્તુ (પુત્રી શોભા) પાછી લેવી યોગ્ય નથી. અમારા બંને પતિ-પત્ની વચ્ચે વૈચારિક મતભેદો થતા ગયા. એક બાજુ હું એકલી હતી અને બીજી બાજુ મારા પતિ અને આખો સાસરી પરિવાર હતો. મને તેના પ્રત્યે અણગમો થયો અને મારા મનમાં એક જ હાકલ ઊઠી, 'હે પ્રભુ, શું આ જીવન હું આપને સોંપી શકીશ?' હૈદરાબાદમાં હંગામો થયો ત્યારે બાબા કરાંચી આવી ગયા. કરાંચીમાં સત્સંગ ઘરથી દસ માઈલ દૂર હતો. ત્યાં જવા માટે સવારે ઘોડાગાડી અને ટ્રામ આવતી. ટ્રામમાં જતા મજૂરોની દૃષ્ટિ-વૃત્તિ ખરાબ હતી, તો પણ હું નિર્ભયપણે સત્સંગ કરીને ૮ વાગ્યે પાછી આવી જતી. પતિ ક્યારેક સાથ આપતા, ક્યારેક નહીં. લૌકિક સંબંધીઓ શોભાને માયાવી દુનિયામાં ખેંચવાનો પ્રયાસ કરતા. વિકારી સંગતનો રંગ દીકરી પર ન ચડવો જોઈએ એવા ખ્યાલો આવતા મારી દીકરીને બચાવી લેવાનો વિચાર કરતી. પરંતુ હું દીકરીને બગાડી રહી છું એવી ગેરસમજને કારણે મારા સંબંધીઓએ મને સત્સંગમાં જવા-આવવાનું બંધ કરાવ્યું. હું ક્યારેક ડ્રાઈવરની મદદથી તો ક્યારેક કોઈ યુક્તિથી ૨-૩ દિવસે સત્સંગમાં જતી હતી. પણ ક્યાં સુધી છૂપાવું. આ વાતની જાણ થતાં પરિવારજનો ધમકીઓ આપતા. હું ખૂણામાં બેસીને શિવબાબાને યાદ કરતી તો કાનમાં અવાજ ગુંજતો, 'કેમ અધીર છો માતા, ગુરૂકુળમાં હું આવી ગયો છું, હું અબળા પર ખૂબ ભારે સંતાપ થતો જોઈ રહ્યો છું.' ત્યારે અનુભવ થતો કે બાબા મારામાં શક્તિ ભરી રહ્યા છે. છેવટે, મેં સ્વાર્થી અને વિકારી સંસાર છોડી દેવાનો સંકલ્પ કર્યો અને સવારે ૪ વાગ્યે શોભાને લઈને કરાંચીમાં સત્સંગમાં પહોંચી. બાબાએ પૂછ્યું, 'બેટા, કેમ આવી?' મેં કહ્યું, 'બાબા, વિકારી દુનિયાનો ધંધો છોડી આવી છું.' બાબાએ કહ્યું, 'આટલા હંગામામાં કેવી રીતે રહી શકીશ?' મેં કહ્યું, 'મેં સદગુરુનાં દ્વારે પગ મૂક્યો છે, તેને પાછો કેમ લઉં?' ત્યારે દયાળુ બાબાએ કહ્યું, 'બેટા, તારા પર ત્રાસ ગુજારાય છે, માટે તુ અહીં સિલાઈના વર્ગમાં જ રહે.'

મારા મનમાં ડર હતો કે કોઈ મને ખેંચીને તો નહિં લઈ જાય ને? ખરેખર, સાંજે ૬ વાગ્યે પતિ દિયરને અને બે મામાને સાથે લઈને આવ્યો અને કહ્યું, 'મારે રૂકમણીને મળવું છે' બાબાએ રજા આપી. પતિએ અંદર આવીને કહ્યું, 'અહીં કેમ આવી?' મેં કહ્યું, 'હું જ્ઞાન (મુરલી) વગર જીવી નહીં શકું, હું અહીં રહીશ અને સીવીને પેટ ભરીશ.' આ સાંભળીને પતિ ગુસ્સે થઈ ગયો અને ચારેય જણાએ મને હાથ-પગ પકડીને ટેક્સીમાં

નાંખી. મેં કહ્યું, 'આપઘાત કરીશ પણ પાછી નહીં આવું.' પતિએ ડરતાં કહ્યું, 'અલગ કેમ રહેવા માગે છે?' પાંચ માઈલ દૂર એક મિત્રના ફ્લેટમાં લઈ જઈ પતિએ કહ્યું, 'તને અલગ રાખીશું પણ આપઘાત ન કર.' મેં ચાર શરતો મૂકી : (૧) અપવિત્ર કરવા દબાણ કરનારાથી હું દૂર રહીશ, (૨) દિવસમાં એકવાર સત્સંગ જરૂર કરીશ, (૩) શોભાને ઘરે નહીં મોકલું, (૪) બધા નિયમો (બ્રહ્મચર્ય-શુદ્ધ અન્ન)નું પાલન કરીશ. દિયર અને બંને મામા પાછા ફર્યા, ત્યારે હું ચુંદડી વડે પોતાનું ગળું દબાવવા લાગી, તો પતિએ કહ્યું, 'આત્મહત્યા કેમ કરે છે?' મેં મક્કમ થઈને કહ્યું, 'હું સત્સંગ, દૈવી નિયમ નહિં છોડું કે નહિં શોભાને પાછી લાવું. મારી શરતો માનો નહીંતર હું દેહત્યાગ કરું છું.' ત્યારે સવારના ચાર વાગ્યા હતા. કંઈ અઘટિત ન થઈ જાય માટે પતિએ શરતો સ્વીકારી અને લેખિતમાં આપી. કદાચ પતિમાં જે જ્ઞાનનું બીજ પડ્યુ હતું તેની જ આ અસર હતી. અમૃતવેળાએ પતિ સત્સંગમાં લઈ ગયા, બધાને નવાઈ લાગી. હું ફરીથી પુત્રી શોભા સાથે રહેવા લાગી. અઢી મહિના સુધી તો બધું બરાબર ચાલ્યું.

'બંગલાનું ૩૦૦ રૂપિયા ભાડુ આપવુ પડે છે' - તેમ કહી તેઓ મને ઘરે લઈ ગયા અને સત્સંગમાં જવાની મનાઈ ફરમાવી. સંબંધીઓ પતિના કાન ભંભેરવા લાગ્યા. પરિવારમાં બધા કરતા નાના હોવાથી પતિ ભાઈઓ સામે મજબૂર થઈ જતા. એકવાર હું છૂપી રીતે સત્સંગમાં પહોંચી, એ જાણ થતાં જ સંબંધીઓએ આખા ઘરને તાળા મારી દીધા. મેં કહ્યું, 'મને જેલમાં કેદ કરીને આત્માનું ભોજન બંધ કરશો તો હું શરીરનું ભોજન છોડી દઈશ, શરીર છૂટશે તો ભગવાન પાસે જઈશ.' સંબંધીઓએ બધાને મારા પર કડક નજર રાખવા કહ્યું અને ચોકીદારો મૂકી દીધા. ૨-૩ દિવસથી કંઈ ન ખાવાને કારણે નબળાઈ લાગવા લાગી, જે પ્રભુ પર ફિદા થઈ છું તો પછી હું બીજાની કેવી રીતે બનું? રંગીન વસ્ત્રો અને સોનાના ઘરેણાંનો ત્યાગ કરીને મેં સફેદ વસ્ત્રો પહેર્યા હતા. તેઓ વિચારતા હતા કે તે અમીરીમાં મોટી થઈ છે તો ગરીબીમાં કેવી રીતે જીવી શકશે? પોતે જ જ્ઞાન છોડી દેશે. પણ રાત-દિવસ ત્રાસ સહન કરવાને કારણે ઈશ્વર કૃપાથી સાક્ષાત્કાર થતા હતા. વિષ્ણુના રૂપમાં બાબા આવીને કહેતા, 'દીકરી ધીરજ રાખ, દુ:ખની દુનિયા ગઈ કે ગઈ, ભવસાગર પાર કરાવવા જ તો હું આવ્યો છું.' આ સાંભળીને ધીરજ આવતી કે આ નરકની જેલમાં પણ ભગવાન મારા તારણહાર છે. સંબંધીઓ નિર્દયી બનતા ગયા અને મારી પ્રભુપ્રીત વધતી ગઈ. એક દિવસ મારા મનમાં વિચાર આવ્યો, ભક્ત પ્રહલાદને પર્વત પરથી ફેંકી દીધો ત્યારે ભગવાને બચાવી લીધો, તો હું કેમ ગેલેરીમાંથી છલાંગ ન લગાવું? મન બનાવી લીધા પછી મેં કપડાં અને ઘરેણાંની યાદી બનાવીને કબાટમાં મુકી. રાત્રે ૧૨ વાગ્યે બધા સૂઈ ગયા હતા. કોઈ અવાજ ન થાય એટલે રજાઈને ગોળ કરીને નીચે ફેંકી. પણ નીચે જોયું તો ચોકીદાર ફરતો હતો એટલે કૂદવાનું યોગ્ય ન લાગ્યું. બાજુના બંગલાની ગેલેરીમાં પડોશીઓ સૂતા હતા, ત્યાં છલાંગ લગાવી. નાના બાળકને પગ લાગ્યો તો તે રડવા લાગ્યો, મને થયું કે તેની માતા જોઈ જશે, પરંતુ હું શિવબાબાને યાદ કરતી રહી તો તેનું ધ્યાન ન ગયુ. બધાને ઓળંગીને, મેં અંધારામાં સીડીઓ શોધી, નીચે ઉતરીને દરવાજો ખોલ્યો. બહાર ચોકીદાર હતો. રાતના દોઢ વાગી ગયા હતા. દીવાલ પરથી કૂદતી વખતે અવાજ ન આવે એટલા માટે મેં ચપ્પલ પણ પહેર્યા ન હતા. રસ્તામાં એક સિપાઈ (પોલીસ) મળ્યો, બીજા વધુ પોલીસો મળ્યા અને મારો પીછો

કરી પૂછવા લાગ્યા, 'એકલી ક્યાં જઈ રહી છે?' મેં કહ્યું, 'સત્સંગમાં.' એટલામાં ગાડીવાળો આવ્યો, તેને સત્સંગમાં મૂકી જવા કહ્યું, પણ પોલીસવાળાએ કહ્યું, 'અત્યારે પોલીસ સ્ટેશનમાં બેસો'. મેં ઈશ્વરને યાદ કર્યા, 'પ્રભુ, તમે જ રક્ષા કરો' અને પોલીસને કહ્યું, 'મારે ૪ વાગે સત્સંગમાં જવું છે, અત્યારે ૨ વાગ્યા છે તેથી હું માં પાસે જાઉં છું.' માં પાસે જતી વખતે દરેક ચોકમાં પોલીસ મળ્યા અને ૨૫ પોલીસકર્મીઓ સાથે હું માંના ઘરે પહોંચી. પાડોશમાં બે વિરોધી મામા રહેતા હતા. ચોકીદારે ૨૫ પોલીસકર્મીઓ અને મને ઉઘાડા પગે જોઈ, પૂછ્યા વગર જ મામાને જાણ કરી. તેઓએ પોલીસને કહ્યું, 'આ અમારી દીકરી છે, તમે જાઓ' મામાએ ક્રૂરતાથી ઠપકો આપ્યો, 'આટલી મોડી રાત્રે આવીને અમારી આબરૂ કાઢી.' મેં કહ્યું, 'ઘડિયાળ બંધ હતી, ૪ વાગ્યા છે એમ સમજી સત્સંગમાં જઈ રહી હતી, રસ્તામાં પોલીસ મળ્યા.' આ સાંભળીને તે ઊંઘી ગયા, તે પ્રભુની જ કૃપા હતી. માંનો દરવાજો ખખડાવ્યો, ત્યારે તેમણે અંદર લીધી. મને તાળા મારીને પૂરી દીધી એ વ્યથા સાંભળીને તેને પણ વૈરાગ આવ્યો. ૪ વાગ્યે નાની બહેન રુકમણીદાદી સાથે ઘોડાગાડી દ્વારા ૧૪ માઈલ દૂર કુંજભવન પહોંચ્યા.

હું બ્રહ્માબાબા અને માતેશ્વરીને મળીને બોલી, 'આજે આસુરી જીવન ત્યાગ કરી ઈશ્વરીય જીવન જીવવા માટે પગલું ભરી રહી છું. વિકારી જીવન સમાપ્તિની પ્રતિજ્ઞા લઉં છું.' આ સાંભળી બાબા હસ્યા. પરીક્ષા લેતાં મમ્માએ કહ્યું, 'તેના માટે બહુ હિંમત જોઈએ, માયા અનેક રૂપમાં આવશે. સંબંધીઓ આવીને દબાણ કરશે. તેમની નિર્દયતાનો સામનો કરશો?' મેં કહ્યું, 'તેઓને જોઈતા હતા તે પૈસા અને દાગીના હું છોડીને આવી છું. હું પ્રતિજ્ઞા લઉં છું કે પ્રભુ જે ખવડાવશે છે તે ખાઈશ, જેમ રાખશે તેમ રહીશ'. ઈશ્વરીય જીવનનાં પ્રારંભનો તે શુભ દિવસ હતો. મને ત્યાં ન જોતાં સંબંધીઓએ ચોકીદારને પૂછ્યું, તેણે કહ્યું, 'ખબર નહિં.' દરવાજો ખુલ્લો જોઈને તેમને લાગ્યું કે કદાચ ચોર આવ્યો હશે. પરંતુ કંઈ ચોરાયું નથી તે જોઈને તેઓએ અનુમાન લગાવ્યું કે હું ગેલેરીમાંથી કૂદી ગઈ હોવી જોઈએ. તેણે મને ૫ વર્ષ સુધી ઈશ્વરીય ધારણા કરતા જોઈ હતી, તેથી તેને લાગ્યું કે જે રીતે ગૌતમ બુદ્ધ વૈરાગ્યને કારણે મધરાતે જંગલમાં ચાલ્યા ગયા હતા, તે જ રીતે હું પણ મારી ધન-દૌલત અને ઘરેણાં છોડીને આશ્રમ ગઈ છું, અવશ્ય મને કંઈક ઉચ્ચ પ્રાપ્તિ થઈ હશે.

મને શોધતાં શોધતાં પતિ કુંજભવનમાં આવ્યા અને કહ્યું, 'રૂકમણીને મળવું છે', મમ્માએ કહ્યું, 'ચોક્કસ'. હું શિવશક્તિ બની સામે આવી, 'હું આ કલિયુગી દુનિયાથી મરી ચૂકી છું, મારો પીછો નહિં કરો. તમને માયાવી સુખ જોઈએ તો ભલે લગ્ન કરી લો.' તેમણે કહ્યું, 'મારે લગ્ન કરવા છે, એવું લખીને આપો'. મેં કહ્યું, 'તમે વિકારી સુખ માણવા માટે માલિક છો, મને આધ્યાત્મિક સુખ લૂંટવા દો'. પતિ અઠવાડિયા સુધી આવી ક્યારેક લોભ તો ક્યારેક મોહની જાળમાં ફસાવવાનો પ્રયત્ન કરતો રહ્યો. મેં કહ્યું, 'મારો તો એક ભગવાન છે'. જે મામીએ જ્ઞાન આપ્યું હતું તે પણ બોલી, 'વિચારીને પગલું ભર, અત્યારે જોશમાં છે, થોડો હોશ પણ રાખ, ઘણા તોફાનો આવશે'. મેં કહ્યું, 'સદગુરુના દરબારમાં દાખલ થઈ છું, પાછી કેવી રીતે ફરું? તમે જ તો શીખવ્યું છે કે, સતગુરુને મળવા જાઓ, કોઈને સાથે ન લઈ જાઓ, આગળ પગ મૂકો, પાછીપાની ના હોય'. વિભિન્ન મોહિની રૂપે માયા રસ્તો રોકી રહી હતી. છેવટે, મેં જ પતિને લખીને આપ્યું, 'તમે જે ઇચ્છો તે કરો'. આ જ હતી તે મારી દૈહિક

સંબંધોની મમતા સમાપ્તિની અંતિમ વેળા!'

દિલ્હી પાંડવ ભવનના પુષ્પાદીદી દાદીની પાલનાનું વર્ણન કરે છે, 'દાદીજીનું વ્યક્તિત્વ ખૂબ જ આકર્ષક હતું, તેઓ સતર્ક-સક્રિય થઈ ચાલતા તો લાગતું કોઈ મહારાજા જઈ રહ્યા છે, દાદીની અંદર જગતમાતાનું સ્વરૂપ પણ હતું, મોટા-મોટા લોકો તેમની મમતામયી પાલના મેળવીને સંતુષ્ટ થતા હતા. ઊંડાણમાં જઈને ઓથોરીટી સાથે જ્ઞાન આપતા ત્યારે તેનામાં એક રૂહાની શિક્ષક જોવા મળતો. તેઓ પોતે અનાજ સાફ કરતા, પસંદ કરેલી શાકભાજીમાંથી પાન ભેગાં કરતા અને કામ કરીને શીખવતા. દાદીજીનો વહીવટ કડક હતો અને તેઓ અનુશાસનમાં રાખતા. તેમને બેહદની સેવાનો શોખ હતો. અજમલખાન પાર્કમાં મેળો હતો, તેમણે કહ્યું, 'મેળો સુંદર હોવો જોઈએ.' સાદગીનાં મૂર્તિ દાદી ફોટોગ્રાફ લેવા દેતા નહિ, તેઓ કહેતા, 'આ પણ માયા છે.' બાથરૂમ બહાર હતું, કોઈ કહેતું 'એટેચ્ડ બાથરૂમ બનાવો', તો કહેતાં મોટા દાદીની પરવાનગી લઈને બનાવીશ અને જ્યારે પ્રકાશમણિ દાદી દિલ્હી આવ્યા ત્યારે તેમને પૂછીને જ બાથરૂમ બનાવ્યું. તેઓ પ્રકાશમણિ દાદીજીને પૂછીને જ કામ કરતાં, તેમને સન્માન આપતા. સિઝનનું પહેલું ફળ યજ્ઞમાં મોકલ્યા પછી જ તેઓ ફળ ખાતાં. તેઓ ભોગમાં મળેલા પૈસામાંથી બચત કરીને મધુબન મોકલતા.

ઓલરાઉન્ડર દાદી ખૂબ બહાદુર અને સાહસી હતા. સ્ત્રીની સાથે સાથે તેમનાથી પુરુષ જેવી ભાસના આવતી હતી. યજ્ઞમાંથી દાદી જ્યારે સેવાર્થ બહાર ગયા તો બાબાએ દાદીની બધી સેવાઓ બે-ત્રણ ભાઈઓને વહેંચી દીધી, જે દાદી એકલા જ કરતા હતા. શાકભાજી અને અનાજ ખરીદવું, સેવા માટે નવી જગ્યાઓ શોધવી, ભોજન અને ટોલી બનાવવી, અનાજ સાફ કરવું, શાકભાજી કાપવા, ભોજન પીરસવું આ બધી જવાબદારીઓ દાદી પોતે એકલા સંભાળતા હતા.

દાદીજીએ મને તેમની પોતાની દીકરીની જેમ પાલના આપી, એકવાર ભોજન પીરસનાર મને દહીં આપવાનું ભૂલી ગઈ તો દાદીએ પોતાની દહીંની વાટકી મને આપી. પાછળથી એક બહેને આ વાત કહી ત્યારે હું ભાવુક થઈ ગઈ. માં-બાપના ઘરે પણ ન મળે એવી પાલના કુમારીઓને દાદી આપતાં હતાં. દરેકની ક્ષમતા પ્રમાણે જ તેઓ ત્યાગની પ્રેરણા આપતા હતા. ઓલરાઉન્ડર દાદી અને ગુલઝારદાદી સાથે હોવા છતાં પણ એવું લાગતું ન હતું કે તેઓ લૌકિકમાં માં-દીકરી છે. નિર્મોહી દાદીએ મને પણ નષ્ટમોહા બનાવી દીધી - એકવાર મને તાવ આવ્યો હતો, ત્યારે અચાનક મારી માતાનો ફોન આવ્યો, પણ દાદીએ તેમને કહ્યું નહીં કે હું બીમાર છું, ન મને તેમણે માતાના ફોન વિશે કહ્યું. દાદી સિંધીને બદલે હિન્દીમાં બોલતા એટલે તેઓ શુદ્ધ હિન્દીમાં ભાષણ કરવામાં નિપુણ હતા. પાંડવ ભવનમાં મોટા સંગઠનમાં અસંતુષ્ટ થઈ કોઈ કાંઈ કહી પણ દે તો તેઓ ચૂપ રહેતા અને કહેતાં, 'બોલત-બોલત ભરે વિકાર.' કોઈ ના સાંભળે તો શક્તિશાળી સ્થિતિમાં સ્થિત થઈ જતાં. નિર્ભય દાદી, વ્યક્તિ કે પરિસ્થિતિથી ડરતા ન હતા. તેઓ એક આદર્શ ગોડલી સ્ટુડન્ટ (વિદ્યાર્થી) હતાં. સવારે ગુલઝાર દાદીજી ક્લાસ કરાવતા તો દાદીજી ગુરુવારે-રવિવારે ક્લાસ કરાવતા. તેઓ બેસી રહેવાને બદલે કોઈને કોઈ સેવા કર્યા કરતા. તેમને આળસ પસંદ ન હતી. બીમારીમાં દવા કરાવતા, પણ સ્વસ્થ થતાં કહેતા, 'હવે સેવા કરો'. જગદીશ-ભાઈજીને દાદી માટે ખૂબ માન હતું, દાદીના ત્યાગનો ભાઈજી પર પ્રભાવ હતો. ઓલરાઉન્ડર દાદીજીએ યજ્ઞને ગુલઝારદાદી જેવું અનમોલ રત્ન

(અનુસંધાન પેજ નં. 12 પર)

સતયુગી સંસાર

બ્ર.કુ. મધુબેન, બાંટવા

જહાં ડાલ ડાલ પર સોને કી
ચીડીયાં કરતી હૈ બસેરા,
વો ભારત દેશ હૈ મેરા,
જહાં દૈવી મૂલ્યોં સે સજે
દેવી દેવતાઓં કા બસેરા,
વો ભારત દેશ હૈ મેરા...

એક દિવસ ભારતભૂમિ સોનાની ચીડીયા હતી. સ્વર્ગ હતું. એ વૈકુંઠ કહેવાતું હતું. એટલે તો આજ સુધી કોઈનું મૃત્યુ થાય ત્યારે કહેવાય છે કે તે સ્વર્ગમાં ગયા. તો ખરેખર સ્વર્ગ કેવું હશે અને એ સ્વર્ગ ફરીથી ભારત ભૂમિ ઉપર કેવી રીતે આવી શકે.

ઈશ્વરીય આજ્ઞાઓ પ્રમાણે ચાલીને ફરીથી આપણે આ ભૂમિને સ્વર્ગ બનાવી શકીએ છીએ. ધાર્મિક, રાજનૈતિક, સામાજિક અને વૈજ્ઞાનિક ક્ષેત્રોમાં પણ આધ્યાત્મિક મૂલ્યો ફરીથી સ્થાપિત કરવામાં આવે તો આ ધરા અનુપમ સુખોથી ઝગમગતી બની જાય. એમના માટે ત્યાગી-તપસ્વી લોકો કદમ ઉઠાવે તો એમના જીવનનાં મૂલ્યોથી પ્રકાશ મળવાનું શરૂ થઈ જાય. દુ:ખોનું નામ નિશાન મટી જાય. એક એક મનુષ્ય પોતાના જીવનમાં શ્રેષ્ઠ મૂલ્યોને અપનાવે તો ફરીથી આ ધરતી સ્વર્ગ બની જાય.

સ્વર્ગ કેવું શ્રેષ્ઠ હશે - જ્યાં સંપૂર્ણ સુખ-શાંતિ અને પવિત્રતા હોય છે. જ્યાં એક મત, એક રાજ્ય, એક ભાષા, એક ધર્મ, એક કુળ, જ્યાં સંપૂર્ણ એકતા હશે. ત્યાં કોઈ મતભેદ તેમ જ મનભેદ નહીં હોય. જ્યાં આપસમાં પ્રેમની ભરપૂર ગંગા વહેતી હશે. જ્યાં હરમાનવ દૈવીગુણોથી સુસજ્જ હશે. જે સર્વગુણ સંપન્ન નિર્વિકારી, મર્યાદા પુરુષોત્તમ, ડબલ અહિંસક સંપૂર્ણ સતોપ્રધાન પાવન ડબલ શિરતાજ દેવી-દેવતાઓ વિચરતા હશે, ઈશ્વરીય શક્તિ અને દેવી દેવતાઓના સામૂહિક પ્રયાસથી વૈકુંઠમાં સદા વસંતઋતુ રહેશે. પ્રકૃતિ દાસી હશે. આકાશ ઈન્દ્રધનુષથી સજાયેલું હશે. શીતળ મંદ સુગંધી પવન ચાલતો રહેશે. નદીઓ વિનાશકારી ન બનતાં મંદ ગતિથી વહેતી રહેશે. વનો ઔષધિઓથી ભરપૂર હોવાને કારણે તેમાંથી પસાર થતું પાણી ખુશ્બુદાર હશે. દેવી-દેવતાઓને રહેવા માટે હીરા-ઝવેરાતથી જડેલા સોનાના મહેલો હશે, નગરોમાં મંદ ગતિથી વહેતા ઝરણાઓ હશે, જ્યાં રંગબેરંગી કમલ પુષ્પો સદા ખીલેલા રહેશે, પર્વતો ઉપર વૃક્ષોની લતાઓની હરિયાળી છવાયેલી જ રહેશે. મનને મુગ્ધ કરવાવાળાં પંખીઓ ફલદાર વૃક્ષ પર સુખપૂર્વક નિવાસ કરતા હશે, વૃક્ષોની સોડમાં કોયલની કૂહૂકૂહૂ તથા મોર પોપટોના અવાજ દિલ દિમાગને લોભાવતાં રહેશે. મોટા મોટા ગાઢ વનોમાં કામધેનું વિચરતી હોય. સદા દૂધ દેવાની સ્થિતિ હોવાને કારણે કહેવાય છે કે વૈકુંઠમાં ઘી દૂધની નદીઓ વહે, ત્યાં અનેક પ્રકારના સ્વાદ અને રસોથી ભરપૂર ફળો હોય છે જેને હાથોથી સહજતાથી તોડીને પી શકાય અને ખાઈ પણ શકાય. જ્યાં પશુઓમાં પણ હિંસકતા નથી, જ્યાં વાઘ અને ગાય એક કાંઠે પાણી પીતા હોય છે. સિંહ જેવા જાનવરોમાં પણ હિંસાવૃત્તિ ન હોવાથી દેવી દેવતાઓ એમના પર હાથ ફેરવી સ્નેહ બતાવતા હોય છે.

મંદ સુગંધ સુંદર સરિતાઓમાં રંગબેરંગી કુમુદો ખીલેલા રહે છે. વન ઉપવન બાગ-બગીચાઓમાં ગુલાબ, ચંપા, ચમેલી, માધવી, લત્તા, કુમુદિનીની નૈસર્ગિક શોભા આંખોને હર્ષિત કરી દે તેવીહોય છે. સ્વર્ગમાં દેવી-દેવતાઓ દોઢસો વર્ષ બાદ સ્વઈચ્છાથી શરીર છોડી બીજી કાયામાં સહર્ષ પ્રવેશ કરશે. એટલે ત્યાં મૃત્યુનો ભય નથી. કોઈ રોગ શોક નથી. જન્મ-મૃત્યુનો સાક્ષાત્કાર થઈ જાય એટલે વસ્ત્ર બદલવાની પ્રક્રિયાની જેમ જ તનને બદલવામાં ખુશી હોય છે. ત્યાં દેવતાઓના શરીરોની નેચરલ સુંદરતા હોય છે. એક જ માળના મહેલો સજાવટથી સજેલા હવાદાર હશે. દેવી-દેવતાઓ બહુરંગી રેશમી વસ્ત્ર પહેરી વિમાનોમાં વિચરતાં હોય છે. ખેલ-પાલમાં, રાસ-વિલાસમાં દિવસો વિતાવશે. એમના વિમાન ડિઝલ પેટ્રોલથી નહીં. પરંતુ સૌર ઉર્જા દ્વારા સંકલ્પની ગતિથી ઉડાન ભરશે. એ સારા સંસારમાં વિચરણ કરતાં પીકનીક મનાવતા પલવારમાં પોતાના ઈચ્છિત સ્થાન પર પહોંચી જશે. દરેક દેવી-દેવતાઓના પ્રાઈવેટ અને પરિવારના અલગ વિમાનો હશે. એક્સીડન્ટનો કોઈ ભય નહીં હોય.

સુંદર સરિતાઓના હર્યાભર્યા તટ ઉપર એમના શોભનીક રાજમહેલો હશે. આવવા જવાના માર્ગો પર ખૂબ સુંદર વૃક્ષો હશે. પૂરા પોશાકથી સજ્જ થયેલા એમના સહયોગી અને સહકર્મી જ્યાં ત્યાં તેમની સેવામાં હાજર રહેશે. ધંધા વ્યાપારના નામ પર વસ્તુઓની અદલાબદલી થતી હોય એટલે કોઈ કોઈનું ઋણી નહીં હોય. ત્યાં સોના-ચાંદી હીરા-મોતીની ખાણો હશે. ત્યાં હીરા, પન્ના, પુખરાજ, લાલ, નીલમના ઢગલા હશે. ત્યાં તનમનને પ્રફુલ્લિત રાખવા માટે મંદ સુગંધ પવન ચાલતો રહેશે, કોઈ થકાવટનું, સુસ્તીનું નામ નિશાન નહીં હોય. ત્યાં હર્ષ-ઉલ્લાસ આનંદ ઉમંગનું વાતાવરણ બનાવવું નહીં પડે. ત્યાં ચારે તરફ સુંદર કાર્યક્રમો ચાલતા જ રહેશે. ખુશીઓભરી મુશ્કાન સદા રહે છે. સંગીત નૃત્ય અને મિલનનાં મૃદુલ તરંગો સદા ઉભરાતાં રહે છે. કોઈ પણ પ્રકારના કામનો બોજ નહીં હોય નિર્ધારીત સમય પર સુંદર ભોજન પાણી પ્રેમપૂર્વક ઉપસ્થિત રહે છે.

ત્યાં ભણતર, લેખન, ચિત્રકલા, નૃત્ય વા લલિત કલાઓથી ભરપૂર હોય છે. ત્યાં બધા નિષ્કલંક ચરિત્રવાન વિશાળ હૃદયવાળા હોય છે. હર પરિવારમાં પહેલા પુત્ર અને બાદમાં જ એક જ પ્રતિભાશાળી પુત્રી યોગ બળથી પેદા થાય છે. બધા જ સદા નિરોગી સદા સુખી સદા ધનસંપત્તિથી સંપન્ન અને એક નિષ્ઠ હોય છે. સંબંધ સંપર્ક પારિવારિક ભાસનાઓથી ભરેલા હશે નહીં કે ઉંચ-નીચના ભાવનાથી.

તો હવે થોડા સમયમાં મૂલ્યો પર આધારિત દૈવી સંસ્કૃતિ પૂરા વિશ્વપલટ પર છવાઈ જશે. એની ગૌરવ ગરિમાથી આખો સંસાર વિશ્વ મહારાજન શ્રી નારાયણ અને શ્રી લક્ષ્મીની છત્રછાયામાં રહેવા લાગશે. તો આવો આપણે સૌ આપણા જીવનમાં શ્રેષ્ઠ મૂલ્યોને અપનાવીએ અને સ્વર્ગીય દુનિયામાં અધિકારી બનીએ.

હમારા સ્વર્ગ સુહાના થા,
સુખોં કા જીસમેં ખજાના થા,
વો હી દેવલોક અપના મહાન,
વો સ્વર્ણિમ યુગ હે,
સર્વ ગુણો કી ખાન...

॥ ઓમશાંતિ ॥

- **આવ નહીં, આદર નહીં, નહીં નયનોમાં નેહ, તે ઘેર કદી ના જઈએ ભલે કંચન વરસે મેક.**

પ્રસંગ પરિમલ

સાધનાનો મર્મ

મહાયોગી ગોરખનાથનો એક યુવા શિષ્ય ધ્યાનમાં અસફળતા મળવાની પીડાથી વ્યગ્ર હતો. વેદના એના ચહેરા ઉપર સ્પષ્ટ દેખાતી હતી. એણે ગોરખનાથના ચરણો પર મસ્તક રાખીને પ્રણામ કરતાં કહ્યું, 'ગુરુદેવ, મારી વર્ષોની સાધના નિષ્ફળ કેમ ગઈ? ભગવાન મારાથી આટલા નારાજ કેમ છે?' મહાયોગી હસ્યા અને કહેવા લાગ્યા, 'પુત્ર, કાલે હું એક બગીચામાં ગયો હતો. ત્યાં કેટલાક બીજા યુવકો પણ હતા. એમાંથી એકને તરસ લાગી હતી. એણે ડોલ કૂવામાં નાંખી. કૂવો ઉંડો હતો. ડોલ ખેંચવામાં ઘણો શ્રમ કરવો પડ્યો પણ જ્યારે ડોલ કૂવા બહાર કાઢી તો તે ખાલી હતી. એ યુવકના સર્વ મિત્રો હસવા લાગ્યા.

મેં જોયું, તે કહેવા પૂરતી જ ડોલ હતી. એમાં ઠેર ઠેર કાણાં હતાં. ડોલ કૂવામાં પણ ગઈ. પાણી પણ ભરાયું પણ ઉપર આવતાં આવતાં તે વહી ગયું. વત્સ, સાધકના મનની પણ આજ દશા છે. આ છિદ્રવાળા મનથી ગમે તેટલી સાધના કરો, પણ છિદ્રોને કારણે સિદ્ધિ મળતી નથી. સિદ્ધિ અને તૃપ્તિ મેળવવી હોય તો પહેલાં મનના છિદ્રોને દૂર કરો. પોતાના દોષ-દુર્ગુણોને દૂર કરો. પહેલાં સંયમ, પછી સાધના, પછી સિધ્ધિ આજ સાધનાની સિદ્ધિનો મર્મ છે. પોતાના મનની ડોલ યોગ્ય હશે તો સાધના સિદ્ધિદાયી બને છે. મનની ડોલમાં છિદ્ર હશે તો તપ ખૂબ થાય છે પણ તૃપ્તિ મળતી નથી. ભગવાન કદી કોઈનાથી નારાજ થતા નથી. માત્ર સાધકના મનની ડોલ વ્યવસ્થિત હોવી જોઈએ. કૂવો તો સદા પાણી આપવા માટે તૈયાર છે. તે કદી ના પાડતો નથી.'

જીવન દર્શન

ભિક્ષુ આનંદભદ્રના જીવનનો એક માર્મિક પ્રસંગ છે. તેઓ પૂર્વના દેશોમાં ધર્મ પ્રચાર માટે ગયા હતા. કેટલાક અજ્ઞાનીઓએ એમને પકડી લીધા અને ઘણી યાતનાઓ આપી. પરંતુ આ યાતનાઓ વચ્ચે પણ એમની શાંતિ અવિચલ હતી. યાતનાઓ વચ્ચે પણ તેઓ પરમ પ્રસન્ન હતા. ગાળોના ઉત્તરમાં એમની વાણી મીઠાશપૂર્ણ હતી. કોઈએ એમને પૂછ્યું, આપમાં આટલી અલૌકિક શક્તિ કઈ રીતે આવી? એમણે હળવી પ્રસન્નતા સાથે કહ્યું, બસ મેં મારી આંખોનો ઉપયોગ કરવાનું શીખી લીધું છે.

પ્રશ્ન કર્તાએ અચરજમાં સામે પ્રશ્ન કર્યો કે આંખોનો શાંતિ અને સાધુતા સાથે શો સંબંધ ? મોટાભાગે તે ભિક્ષુ આનંદભદ્રની સહનશીલતાના મર્મથી અપરિચિત હતો. એને સમજાવવા માટે મહાભિક્ષુએ કહ્યું, જ્યારે હું ઉપર આકાશ તરફ જોઉં છું તો મને સમજાય છે કે આ ધરતીનું જીવન ઘણું જ ક્ષણભંગુર અને સ્વપ્ન જેવું છે. અને સ્વપ્નામાં કોઈએ કરેલો વ્યવહાર મને કઈ રીતે સ્પર્શી શકે? જ્યારે મારી દૃષ્ટિ અંદર જાય છે તો હું સ્વયંને આત્મા અનુભવું છું. જે અવિનાશી છે. એનું કોઈ કંઈપણ બગાડી શકતું નથી.

જ્યારે હું આસપાસ જોઉં છું તો મને દેખાય છે આ દુનિયામાં એવા પણ ભાવનાશીલ મનુષ્યો છે જેમના હૃદયોમાં મારા પ્રત્યે અસીમ કરુણા છે. આ અનુભૂતિ મને ધન્યતાથી ભરી દે છે. પોતાની પાછળ જોતાં અનુભવ થાય છે કે આ સંસારમાં એવા કેટલાંક પ્રાણીઓ છે જે મારા કરતા પણ વધુ પીડા ભોગવી રહ્યાં છે. એમને જોઈને મારું હૃદય

કરુણા અને પ્રેમથી ભરાઈ જાય છે. આ રીતે હું શાંત છું, આનંદિત છું અને પ્રેમસભર છું. કારણ કે મેં આંખોનો ઉપયોગ કરવાનું શીખી લીધું છે. ખરેખર આંખો ખોલવાથી જ જીવન દર્શન મળે છે.

માની શીખ

તત્વચિંતક ગુર્જિયેફે પોતાની આત્મકથામાં માતા દ્વારા આપવામાં આવેલી એક મૂલ્યવાન સંપદાનો ઉલ્લેખ કર્યો છે. જેને કારણે તેઓ અનેક તકલીફોમાંથી બચી ગયા અને આનંદસભર સમગ્ર જીવન જીવી શક્યા. આત્મકથામાં લખ્યું છે કે મારી માતાએ મરતી વખતે કહ્યું, 'કોઈના ઉપર ક્રોધ આવે તો એની અભિવ્યક્તિ ચોવીસ કલાક પછી કરવી.' મેં આ વાતને જીવનમાં સ્વીકારી લીધી અને જીવનપર્યંત તેને પાળી.

એવા અનેક પ્રસંગો આવ્યા જેમાં મને ઘણો ક્રોધ આવ્યો હતો. પણ પાછળથી ખબર પડી હતી કે તેમાં તથ્ય ઓછું અને ભ્રમ વધારે હતો. ક્રોધના પરિણામો પર વિચાર કરવાની તક મળતી રહેવાને કારણે એને અમલી બનાવવાનો પ્રસંગ જ ના આવ્યો. તેથી જે શત્રુ લાગતા હતા તે આજીવન મિત્ર બની રહ્યા. માતાની શીખ જ મને આ સ્થિતિ સુધી લઈ આવી એમાં અતિશયોક્તિ નથી.

ઘમંડી ધનિકનો અહંકાર નષ્ટ

બંગાળના વિખ્યાત કવિ અને નાટકકાર ગિરીશંચંદ્ર ઘોષને અપાર લોકપ્રિયતા મળેલી હતી. આમ છતાં એમનામાં જરા પણ અહંકાર નહોતો. પોતાના નૈસર્ગિક આચરણથી તેઓ સાદગીપૂર્ણ જીવન જીવતા હતા. ઘોષ બાબુના એક અમીર મિત્ર હતા. તેઓ હમેશાં પોતાની સમૃદ્ધિના ઘમંડમાં રહેતા હતા. ઘોષ બાબુને આ વાત બિલકુલ પસંદ નહોતી. પણ મિત્રને સમજાવવાની તક મળી.

પોતાને ત્યાં આયોજિત ભોજન સમારંભમાં એમણે પોતાના મિત્રને આમંત્રણ આપ્યું. તેઓ જ્યાં પણ જતા તો પોતાની સાથે એમનો નોકર ચાંદીનાં વાસણ લઈને આવતો. તેઓ આ વાસણોમાં ભોજન કરતા. ઘોષબાબુના ત્યાં પણ એમણે આવું કર્યું. ઘોષ બાબુએ આ જોઈને એમને સૌની સાથે બેસાડ્યા નહીં પણ અલગ બેસાડીને પતરાળામાં ભોજન પીરસાવ્યું. મિત્રની આ બાબત તેમને ઘણી ખૂંચી. પણ મિત્રતાને કારણે કંઈ કહી શક્યા નહીં. એમણે નારાજ મનથી ભોજન કર્યું. તેઓ જવા લાગ્યા તો ઘોષ બાબુનો રસોઈયો ચાંદીના વાસણોમાં મિઠાઈઓ ભરીને લઈને આવ્યો. ઘોષ બાબુએ પોતાના અમીર મિત્રને કહ્યું, 'આપના સત્કારમાં કંઈ ખામી રહી ગઈ હોય, તો માફ કરજો.' આપનો નોકર ચાંદીનાં વાસણ તો લાવ્યો હતો. મારા ઘરના લોકોએ વિચાર્યું કે બાળકો માટે ભોજન લઈ જવા માટે તે લાવ્યા હશે. એટલે એમણે આપના ચાંદીના વાસણોમાં બાળકો માટે મિઠાઈઓ મૂકી છે. મહેરબાની કરીને અમારા તરફથી તે બાળકોને આપજો. અને આપની સાથે તો અમારી આત્મીયતા છે જ. ઘોષબાબુની વાતોથી એમનો ધનિક મિત્ર લજ્જા પામ્યો. ત્યાર પછી તેઓ ક્યાંય પોતાની સાથે ચાંદીનાં વાસણો લઈને ગયા નહીં. અહંકાર વગરની સમૃદ્ધિ યશ અપાવે છે. જો અહંકાર આવે, તો તે અપયશનું કારણ બને છે.

કર્મની મહાનતા

એકવાર બુદ્ધ એક ગામમાં પોતાના ખેડૂત ભક્તને ત્યાં ગયા. સાંજે ખેડૂતે બુદ્ધના પ્રવચનનું આયોજન કર્યું હતું. તે ખેડૂત ભક્ત ક્યાંય દેખાતો નહોતો. ગામના લોકોમાં અંદર અંદર વાત થવા લાગી કે આ કેવો ભક્ત છે. પોતે પ્રવચનનું આયોજન કર્યું છે. પણ તે જ દેખાતો નથી. પ્રવચન પૂરું થયા પછી સૌ લોકો પોતાના ઘેર ગયાં. રાતે ખેડૂત આવ્યો. બુદ્ધે પૂછ્યું કે ક્યાં ગયા હતા?

ગામના બધા લોકો પૂછતા હતા. ખેડૂતે કહ્યું, પ્રવચનની બધી વ્યવસ્થા તો થઈ ગઈ હતી. પણ અચાનક મારો બળદ બીમાર થઈ ગયો. પહેલાં તો મેં ઘરગથ્થું ઉપચાર કરીને એને સાજો કરવાની કોશિશ કરી પણ એની તબિયત વધુ બગડવા લાગી, તો મારે એને લઈને પશુ ડોક્ટર પાસે જવું પડ્યું. ઉપદેશ તો હું પાછળથી પણ સાંભળી લેત. બીજા દિવસે સવારે જ્યારે ગામલોકો ફરીથી બુદ્ધની પાસે આવ્યા, તો બુદ્ધની સમક્ષ એ ખેડૂતની ફરિયાદ કરતાં કહ્યું કે આ તો આપનો ભક્ત હોવાનો દેખાવ કરે છે પણ પ્રવચનનું આયોજન કરીને પોતે જ અદૃશ્ય થઈ ગયો.

બુદ્ધે એમને સમગ્ર ઘટનાં સંભળાવી અને પછી સમજાવ્યું. એણે પ્રવચન સાંભળવાને બદલે કર્મને મહત્ત્વ આપીને સિદ્ધ કરી દીધું કે મારા ઉપદેશને એ સારી રીતે સમજ્યો છે. એને હવે મારા પ્રવચનની કોઈ જરૂર નથી. હું એ જ સમજાવું છું કે પોતાના વિવેક અને બુદ્ધિથી વિચારો કે કયું કામ પહેલાં કરવું જરૂરી છે. જો ખેડૂત બીમાર બળદને મૂકીને મારા પ્રવચનને મહત્ત્વ આપતો, તો દવા વગર બળદના પ્રાણ ચાલ્યા જાત. એના પછી તો મારું પ્રવચન કરવું વ્યર્થ હતું. મારા પ્રવચનનો સાર એ છે કે સર્વ કાંઈનો ત્યાગ કરીને પ્રાણી માત્રનું રક્ષણ કરો. આ ઘટનાના માધ્યમથી ગામડા-વાળાઓના એમના પ્રવચનનો ભાવ સમજી લીધો.

બીરબલે ઘરેણા ચોરને પકડ્યો

અકબરને ઘરેણાંનો ઘણો શોખ હતો. બાદશાહના મહેલમાં આઠ નોકર હતા જેઓ અકબરના વસ્ત્રો અને આભૂષણોનું ધ્યાન રાખતા હતા. તેઓ જ અકબરને દરબારમાં લઈ જવા માટે તૈયાર કરતા હતા. તે સિવાય બીજા કોઈને અકબરના ઓરડામાં પ્રવેશ કરવાની મનાઈ હતી. એક દિવસ અકબરને પોતાની પ્રિય વીંટી પહેરવી હતી. પણ વીંટી ત્યાં નહોતી. અકબર ક્રોધિત થઈ ગયો અને વીંટી શોધી કાઢવાનો આદેશ આપ્યો. ઘણા પ્રયત્નો પછી પણ જ્યારે વીંટી મળી નહીં ત્યારે અકબરે અંતમાં બીરબલને બોલાવ્યો અને કહ્યું - મને તે વીંટી ઘણી પ્રિય હતી. મારે તે વીંટી જોઈએ. બીરબલે કહ્યું, જહાંપનાહ તમે ચિંતા મુક્ત બની જાઓ. આપ જલદીથી પોતાની તે વીંટી પહેરી શકશો.

બીરબલે તે સર્વ આઠ નોકરોને બોલાવ્યા જે અકબરના આ ઓરડાની જવાબદારી સંભાળતા હતા. બીરબલે બધા નોકરોને એક સમાન એક એક લાકડી આપી અને કહ્યું કે, જેણે આ વીંટી ચોરી છે એની લાકડી એક જ રાતમાં એક ઈંચ લાંબી થઈ જશે. બીજા દિવસે સવારે આઠે નોકરોમાંથી એક નોકરને લઈને બીરબર બાદશાહ પાસે ગયો.

તે નોકર બાદશાહના પગમાં પડ્યો અને એણે પોતાની ભૂલ કબૂલ કરી કે તેણે વીંટી ચોરી છે. બાદશાહ આશ્ચર્યચકિત થઈ ગયા. બાદશાહે બીરબલને પૂછ્યું કે એણે કઈ રીતે ચોરને પકડ્યો? બીરબલે બાદશાહને બધી વાત સંભળાવી અને અંતમાં કહ્યું કે, ગુનેગારે પકડાઈ જવાના ડરથી પોતાની લાકડી એક ઈંચ કાપી દીધી હતી. બસ એનાથી આ ભૂલ થઈ ગઈ. બાદશાહે દરબારમાં પ્રશંસા કરી, ચોરને ઉચિત સજા કરી.

જ્ઞાનની શોભા સાદગી

કલકત્તા વિશ્વ વિદ્યાલયની પ્રેસીડેન્ટ કોલેજમાં પ્રથમ દિવસે જ્યારે ડો. રાજેન્દ્રપ્રસાદ પોતાના વર્ગમાં વિદ્યાર્થી તરીકે પહોંચ્યા, તો ત્યાંનું દ્રશ્ય જોઈને ચકિત થઈ ગયા. ત્યાંના મોટા ભાગના વિદ્યાર્થીઓ કોટ અને પેન્ટની અંગ્રેજી

વેશભૂષામાં આવ્યા હતા. કેટલાક મુસ્લિમ છોકરાઓ પણ હતા પાયજામો પહેરીને, માથે ટોપી પહેરીને આવ્યા હતા. આ મદરેસાના વિદ્યાર્થી હતા. અને એફ.એ. કરવા માટે પ્રેસીડેન્ટ કોલેજમાં ભણતા હતા. આ વિદ્યાર્થીઓનું હાજરી પત્રક અલગ રાખવામાં આવતું હતું. અંગ્રેજી વેશભૂષા પહેરેલા વિદ્યાર્થીઓ આ મુસ્લિમ છાત્રોને અવમાનની દ્રષ્ટિથી જોતા હતા અને એમની મજાક પણ કરતા હતા. ડો રાજેન્દ્રપ્રસાદની વેશભૂષા લગભગ મુસ્લિમ છાત્રો જેવી જ હતી. અધ્યાપકે હાજરી માટે એક એકનું નામ લીધું પણ ડો. રાજેન્દ્રપ્રસાદનું નામ બોલ્યા નહીં. ડો. રાજેન્દ્રપ્રસાદ પોતાના સ્થાન પરથી ઊભા થયા. છોકરાઓ એમની ગ્રામીણ વેશભૂષા જોઈને હસવા લાગ્યા. ડો. રાજેન્દ્રપ્રસાદ બોલ્યા, સર! આપ મારું નામ બોલ્યા નથી. મને મારા રોલ નંબરની ખબર નથી. અધ્યાપકે એમના ઉપર એક દ્રષ્ટિ ફેંકી અને રજિસ્ટર બંધ કરતાં બોલ્યા, થોભો, મેં હજી મદરેસાના છાત્રોની હાજરી પૂરી નથી. સર ! હું મદરેસાનો છાત્ર નથી. હું બિહારથી આવ્યો છું. મારું નામ હમણાં લખાયું હશે. અધ્યાપકે એમના ઉપર એક દ્રષ્ટિ ફેંકી અને રજિસ્ટર બંધ કરતાં બોલ્યા, થોભો, મેં હજી મદરેસાના છાત્રોની હાજરી પૂરી નથી. સર ! હું મદરેસાનો છાત્ર નથી. હું બિહારથી આવ્યો છું. મારું નામ હમણાં લખાયું હશે. અધ્યાપકે એમનું નામ પૂછ્યું. જેવું એમણે કહ્યું કે રાજેન્દ્રપ્રસાદ. અધ્યાપક બોલ્યા કે અરે! તો તમે છો રાજેન્દ્રપ્રસાદ. જેણે કલકત્તા વિશ્વ વિદ્યાલયની પ્રવેશ પરીક્ષા ટોપમાં પાસ કરી છે. સંકોચમાં રાજેન્દ્રપ્રસાદ કંઈ બોલ્યા નહીં પણ માથું ઝૂકાવી દીધું. પણ મજાક કરનારા વિદ્યાર્થીઓની દ્રષ્ટિ તો શરમથી ઝૂકી ગઈ. એમના મનમાં રાજેન્દ્રબાબુની યોગ્યતા પ્રત્યે સન્માનનો ભાવ જાગ્યો. વેશભૂષાથી કોઈની યોગ્યતાને માપી શકાતી નથી. જ્ઞાન સાદગીમાં જ શોભે છે.

વિશ્વાસ

એક અમીર માનવ હતો. એણે સમુદ્રમાં એકલા ઘૂમવા માટે એક નાવ બનાવડાવી. રજાના દિવસે તે નાવ લઈને સમુદ્રમાં સફર કરવા નીકળતો. સમુદ્રની વચ્ચે પહોંચ્યો જ હતો કે અચાનક જોરદાર તોફાન આવ્યું એની નાવ પૂરી રીતે નષ્ટ થઈ ગઈ પરંતુ લાઈફ જેકેટની મદદ વડે તે સમુદ્રમાં કૂદી પડ્યો. તરતો તે એક ટાપુ ઉપર પહોંચ્યો. પરંતુ ત્યાં પણ કોઈ હતું નહીં. ટાપુની ચારેબાજુ સમુદ્ર સિવાય કંઈ જ દેખાતું નહોતું. એ માનવે વિચાર્યું કે જ્યારે મેં આખી જિંદગીમાં કોઈનું કંઈ પણ ખરાબ નથી કર્યું, તો મારી સાથે આવું કેમ થયું? એ માનવે વિચાર્યું કે ભગવાને મોતથી બચાવ્યો છે, તો આગળનો રસ્તો ભગવાન જ બતાવશે. ધીરે ધીરે તે ત્યાં ઉગેલાં ઝાડ, પાંદડાં ખાઈને દિવસ વીતાવવા લાગ્યો. હવે ધીરે ધીરે એની શ્રધ્ધા તૂટવા લાગી. ભગવાન પરથી એનો વિશ્વાસ ઉઠી ગયો. એને લાગ્યું કે દુનિયામાં ભગવાન છે જ નહીં. પછી એણે વિચાર્યું કે પૂરી જિંદગી આ ટાપુ ઉપર જ વીતાવવાની છે તો એક ઝૂંપડી બનાવી દઉં. પછી એણે વૃક્ષની ડાળીઓ અને પાંદડામાંથી એક નાની ઝૂંપડી બનાવી. એણે મનમાં વિચાર્યું કે આજથી બહારને બદલે ઝૂંપડીમાં સૂઈ જવાનું મળશે. રાત પડવાની જ હતી એવામાં અચાનક વાતાવરણ બદલાયું. વીજળીનો અવાજ થવા લાગ્યો અને અચાનક વીજળી ઝૂંપડી ઉપર પડી. ઝૂંપડી સળગવા લાગી. આ જોઈને તે માનવ હતાશ થઈ ગયો અને આકાશ તરફ જોઈને બોલ્યો, તું ભગવાન નથી. તારામાં દયા જેવું કંઈ નથી. તું ઘણો ક્રૂર છે. તે માનવ હતાશ થઈને માથા ઉપર હાથ મૂકીને રડી રહ્યો હતો એવામાં અચાનક

એક નાવ ટાપુ ઉપર આવી. નાવમાંથી ઉતરીને બે માનવો બહાર આવ્યા અને બોલ્યા કે અમે તમને બચાવવા માટે આવ્યા છીએ. દૂરથી જ વેરાન ટાપુ ઉપર સળગતી ચીજ જોઈને અમને લાગ્યું કે કોઈ ટાપુ ઉપર મુસીબતમાં છે. અને મદદ માગી રહ્યો છે. જો તમે ઝૂંપડી ના સળગાવતા તો અમને ખબર ના પડત કે આ ટાપુ ઉપર કોઈ છે. એ માનવની આંખમાંથી આંસુ નીકળવા લાગ્યાં. એણે ભગવાનની માફી માગી. અને બોલ્યા કે મને શી ખબર કે આપે મને બચાવવા માટે મારી ઝૂંપડી સળગાવી હતી.

॥ **ઓમશાંતિ** ॥

સોનેરી વિચાર

બ્રહ્માબાબાએ ગ્લાનિ કરનારાઓ પ્રત્યે પણ શુભભાવના રાખીને એમને પરિવર્તિત કર્યાં. આપણી એટલી તો નિંદા થતી નથી છતાં આપણે ખિલેલા ગુલાબના પુષ્પની જેમ કરમાઈ જઈએ છીએ. તેઓ આપણને વધારે પાકા બનાવી રહ્યા છે. સોનું પણ આગમાં તપે છે અને એમાંથી ભેળસેળ નીકળી જાય છે. આગમાં તપ્યા પછી જ તે સાચું સોનું બને છે. સુવર્ણ સંકલ્પ કરો. સોનાને આગમાં તપવું પડે છે એમાં કઈ મોટી વાત છે? સોનેરી વિચાર શું છે? નકારાત્મક ને હકારાત્મક બનાવવું તે છે સોનેરી વિચાર. સકાશ આપો, સહયોગ આપો. સતયુગમાં જવા માટે સુવર્ણ સમાન બનવાનું છે. સોનામાં કંઈ ભેળસેળ કરશો નહીં. ભેળસેળવાળું સોનું (આત્મા) હશે તો સતયુગનું સુખ નહીં મળે. સાચું સોનું અર્થાત્ ગ્લાનિને પણ મહિમામાં પરિવર્તિત કરનારા અને સોનેરી વિચારમાં રહેનારા જ ગોલ્ડન દુનિયા (સતયુગ)માં જવાનો પાસપોર્ટ મળી જશે. ●

કવિતા

બ્ર. કુ. જૂનાગઢ

સંગમની સજાવટથી, વટ અમને બ્રાહ્મણ થવાનો,
મળ્યો મોકો અમને ચપટી ચોખા દઈ,
માલિક થવાનો.

વધે બુદ્ધિની સમજણ તો આનંદ અંતર્મુખતાનો,
ઘટે જો હિસાબ કિતાબ આતમના,
તો આનંદ હળવા થવાનો.

જુસ્સો આ જીવનમાં અમને, શિવ સ્નેહી બન્યાનો,
શાંતિથી યાદ કરવાનો,
દર દર ધક્કા બંધ થવાનો.

જાગરણ થયું વિકારોનું,
સમજણ થઈ આત્મા થવાનો,
આચરણ આવ્યું જ્ઞાનથી, હવે યોગેશ્વર થવાનો.

વાદ-વિવાદની વાતમાં,
લાવતો સાદ મનન-ચિંતનનો,
છોડો તો છૂટેના તાનમાં, હવે મસ્તમગન રહેવાનો.

દેહના સંબંધ છોડી,
હવે હું શિવના સંબંધે જોડાવાનો,
કંકણની ત્યાગથી પામ્યા હીરામાં મહેલ,
હવેથી ધનવાન થવાનો.

જ્ઞાન, યોગ, સેવા, ધારણાથી,
હવે મૂલ્યવાન, ચારિત્રવાન થવાનો,
જ્ઞાન-મૂલ્યોની ધારણાથી,
સંપૂર્ણ નિર્વિકારી, સોળે કળા સંપૂર્ણ થવાનો.

॥ **ઓમશાંતિ** ॥

દિવ્યદર્શન

દિવાળીનાં દારૂખાનાનો દિવ્ય સંદેશ

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

પ્રતિવર્ષની જેમ દિવાળી આવે છે અને જાય છે. પરંતુ આપણા જીવનનો નફો તોટો(સરવૈયું) કાઢવાની નવરાશ આપણને ભાગ્યે જ મળે છે. દિવાળીમાં આપણે જાતજાતનું ને ભાતભાતનું દારૂખાનું ફોડીએ છીએ. સમગ્ર માનવજાત માટે આ દારૂખાનું એક દિવ્ય સંદેશ લઈને આવે છે પરંતુ મનુષ્ય પાસે અધ્યાત્મની દિવ્ય દૃષ્ટિ ન હોવાને કારણે એનો મર્મ કે ભેદ તેઓ જાણી શકતા નથી. આમ તો જીસ્માની દારૂખાનું ખાસ કરીને શીવકાશીમાં (દક્ષિણ ભારતનું એક માત્ર શહેર છે કે જ્યાં સમગ્ર ભારત અને વિશ્વમાં મોટા ભાગે દારૂખાનું પહોંચાડવા માટે ખૂબ જ મોટા પાયે દારૂખાનું બને છે.) બને છે. પરંતુ આ વર્ષે આ પર્વ પર આપણે સૌ શિવપુરીમાં બનેલ રુહાની દારૂખાનું વાપરીને આપણે સૌ અલૌકિક દિવાળી ઉજવવાનો દૃઢ સંકલ્પ કરીએ અને આપણા શહેરને વાયુના પ્રદૂષણથી દૂર રાખીએ. તો આવો આપણે દારૂખાના દ્વારા પ્રાપ્ત થતો દિવ્ય સંદેશ સાંભળીને મનનાં પ્રદૂષણથી પણ દૂર રહીએ.

રોકેટ

રોકેટની માફક હલ્કા બની યોગબળ દ્વારા અવસ્ય ઉડો પરંતુ માયાના આકર્ષણથી વળી પાછા તરત જ નીચે આવવાની ભૂલ ના કરતાં.

તારામંડળ

આત્મદીપ તારા(સ્ટાર)ની માફક સદૈવ ટમટમતો રાખો.

હવાઈ

શરીરરૂપી વસ્ત્રને દૂર કરી હલકાફૂલ બનીને ફૂલ સ્પીડમાં બાબાના સાનિધ્યમાં પહોંચી જાઓ. એમાં જો ભૂલ કરી તો સાવ હવાઈ જશો અને પસ્તાવાનો પાર નહીં આવે.

કોઠી

ભલે તમારો દેહ કોઠી જેવો હોય પરંતુ કોઠી સમાન બની સમાવવાનો ગુણ કેળવો અને જ્ઞાન-યોગ, શક્તિ, દયા તથા સદ્ગુણોનો સ્ત્રોત ચારે બાજુ વાતાવરણમાં ફેલાવો.

ભોંય ચકરી (ચકરડી - જલેબી)

ચકરીની માફક સ્વદર્શન ચક્ર સદા ફરતું રાખો. જેથી કરીને માયાને ચકરી આવી જાય.

લાલ-લીલા-પીળા બપોરીયા

ક્રોધાવેશમાં આવી કદી પણ રાતાપીળા થશો નહીં.

સાંપોલીયા

માયારુપી સર્પદંશ દઈ ભાગી ના જાય એનું ધ્યાન રાખજો. નહીં તો એનું વિષ સમગ્ર દેહને ભરખી જશે.

બોમ્બ

આત્મ બોમ્બ તથા પરમાત્મ ફોડી સૌ કોઈ દુનિયાવી મનુષ્યને ચકીત કરી દો.

મરચી

મરચાની માફક જ્ઞાનમાં તીખા બનો.

ટીકડી

આત્મસ્મૃતિની ટીકડી (ટીકી) લગાવો. જે કોઈ દિવસ ભૂસાય નહી.

(અનુસંધાન પેજ નં. 27 પર)

જીવનરૂપી બગીચાની સુગંધ - આધ્યાત્મિકતા

બ્ર.કુ. ગોદાવરીબેન, મુલુંદ, મુંબઈ

સમયની ગતિ તીવ્રવેગે આગળ વધતી જાય છે. દિવસે-દિવસે વિશ્વ વિકાસ યોજનાઓમાં વ્યસ્ત થતું જાય છે. જ્યારે બીજી તરફ જોઈએ હિંસક પ્રવૃત્તિઓ, પારસ્પારિક લડાઈ-ઝઘડા, ઈર્ષ્યા-વૈર, ચોરી-ઠગીથી તેમજ પ્રકૃતિના પ્રકોપથી વસુંધરા પણ ત્રાહી-ત્રાહી થઈ રહી છે. ત્યારે ત્રીજી તરફ સાયન્સની નવીનતમ્ યોજનાઓ ચરમસીમા પર પહોંચી પોતાના પ્રત્યક્ષ સ્વરૂપ દેખાડી રહી છે. જ્યારે ચોથી તરફ જોઈએ તો બેરોજગારી, મોંઘવારી તેમજ નવી-નવી પ્રકારની બીમારીઓની હાડમારી લોકોને ઉન્નતિના બદલે અવનતિનો એહસાસ કરાવે છે. તેમજ આકાશ, વાયુ, જળ, અગ્નિ, પ્રતિ દિવસ ક્યારેક ઠંડી ક્યારેક ગરમી તો ક્યારેક વરસાદ તેમજ અશુદ્ધ હવામાન સર્વેને ભરખીને ખાઈ રહ્યો છે. ગામડાઓ શહેર બની ગયાં જ્યારે શહેરો બીજા શહેરોનું અનુકરણ કરી વિકારી તેમજ અહંકારી બનતા જાય છે. લોકો આધ્યાત્મિકતાને ભૂલી આધુનિકતા તરફ પાણીની જેમ વહેતા જાય છે.

વાસ્તવમાં આધ્યાત્મિકતા જીવનરૂપી બગીચાની સુગંધ છે. પરંતુ વર્તમાન સમય માનવ આત્માઓ પાંચ વિકારોને આધીન બનવાથી એ સુગંધ, દુર્ગંધમાં પરિવર્તન થઈ ગઈ છે. બહારથી સુદૃઢ દેખાતો માનવ અંદરથી ખોખલો અને ખરડાયેલો થતો જાય છે. કારણકે જીવનમાં આધ્યાત્મિકતા ન હોવાને કારણે થોડું પણ દુઃખ સહન કરી શકતો નથી. સ્વપ્નમાં સર્વ સુખ હોવા છતાં પણ દુઃખ અનુભવ કરે છે. માની લો કે, સવારે ઉઠ્યા અને છાપાવાળો મોડો આવ્યો તો એક સેકંડમાં મૂડ ખરાબ થઈ જાય છે. કોઈ કારણસર દૂધવાળો મોડો થયો, ચાય-કોફી થોડાં મોડાં મળ્યાં, નળમાં પાણી મોડું આવ્યું, કામવાળી બાઈ આજે નથી આવવાની, શાક-ભાજીનાં ભાવ વધી ગયાં, ટી.વી. ખરાબ થઈ ગયું, આજે મહેમાન આવવાનાં છે, મોબાઈલમાં પૈસા ભરવાના છે. તો ઊંઘ ઉડી ગઈ... આવી નાની નાની બાબતો ભૌતિક જગતમાં આખા દિવસમાં અનેકાનેક આવે છે અને આવાં ખાટાં-મીઠાં સંજોગો તો જીવનમાં આવ્યા જ કરવાના છે. કારણ કે સંસારની તમામ પ્રવૃત્તિઓ માણસને ક્ષણિક સુખ આપે છે.

જ્યારે આધ્યાત્મિકતા એટલે કે એક પ્રભુ પરમાત્મા તરફ મન વળે ત્યારે જ એમના જીવનમાં સુખ, શાંતિ, ખુશી, આનંદ જેવા નૈતિક મૂલ્યો જીવનરૂપી બાગને મૂલ્યનિષ્ઠ વિચારોથી સુગંધિત બનાવી શકે છે. મને બતાવતાં અતિ હર્ષ થાય છે કે, આપણે જે પિતા પરમાત્માને યાદ કરીએ છીએ પરંતુ એની સાચી ઓળખાણ નથી કે જે પૂરા વિશ્વનાં રચયિતા છે, જેને આદિ-મધ્ય-અંતનું જ્ઞાન છે એવાં નોલેજફુલ, પીસફુલ, બ્લીસફુલ સ્વયં શિવ નિરાકાર સાકાર પ્રજાપિતા બ્રહ્માબાબાના માધ્યમ દ્વારા સહજ જ્ઞાન અને રાજયોગ દ્વારા આપણામાં રહેલી દિવ્ય શક્તિને જાગ્રત કરી અનુભવ કરાવી રહ્યાં છે કે, તમે એક આત્મા છો, ચૈતન્ય શક્તિ છો અને શક્તિઓથી આ સંસારમાં તમે હર કાર્ય કરી શકો છો.

પરંતુ એ શક્તિની જાગૃતિ એક શિવબાબાની યાદથી જ થઈ શકે છે. એ ઈશ્વરીય

શક્તિ, ઈશ્વરીય ગુણો અને સર્વશ્રેષ્ઠ સકારાત્મક વિચારો જીવનમાં રહેલી નિરાશા, હતાશા તેમ જ નકારાત્મક વિચારોથી ઉત્પન્ન થયેલો ભય, ભૌતિકવાદ તથા કામ, ક્રોધ, લોભ, મોહ, દેહ-અભિમાનનાં અધિન થયેલું મન ભૂલ-ભૂલૈયાની રમતમાં ખોવાઈ જાય છે. ત્યારે હાઈ-બ્લડપ્રેશર, કેન્સર, શુગર જેવી અનેક બીમારીઓના વશીભૂત થઈ જાય છે. હું એક આત્મા છું. એ ભૂલીને શારીરિક ભાનમાં આવવાથી શક્તિહીન બની જાય છે. જ્યારે આધ્યાત્મિકતા અથવા પ્રભુની યાદ, અંતર્મુખતાની ઔષધી દ્વારા જીવનને હર્યું-ભર્યું બનાવે છે. જેનાથી વિચારધારા માનવ મનને ઘર ગૃહસ્થમાં રહીને પણ અતીન્દ્રિય સુખનો અનુભવ કરાવે છે. જેવી રીતે બગીચામાં ખીલેલા ફૂલો હર માનવ મનને ખુશી તેમજ સુગંધ આપે છે તેવી જ રીતે હર માનવ મનનાં વિચારો શ્રેષ્ઠ, શુદ્ધ અને પવિત્ર જીવનરૂપી બગીચાને સુગંધિત બનાવી દે છે, હિમંતવાન બનાવી દે છે. તેમજ ઈશ્વરીય શક્તિશાળી મન ગુણગ્રાહી તથા નૈતિક મૂલ્યવાન બનાવે છે.

॥ ઓમશાંતિ ॥

- **દુનિયાના દ્વંદનો સ્વીકાર કરો. તેને મનનો મોટો મુદ્દો ના બનાવો. આપણે કોઈપણ પરિસ્થિતિમાં સંસારમાંથી જીવતા જવાના નથી, તો પછી આ સંસારની પરિસ્થિતિઓને આટલી ગંભીર કેમ ગણવી? આ સંસારમાં યોગીના દૃષ્ટિકોણથી જીવો. જેમાં દૃઢતા ઉપર એટલો વિશ્વાસ રાખો કે જીવનનો સર્વોચ્ચ ઉદ્દેશ્ય આપણો આંતરિક વિકાસ અને આપણા આત્માનું ઉત્થાન છે.**

(પેજ નં. 25નું અનુસંધાન)... દિવ્યદર્શન

ભોંયભડાકા

જ્ઞાન-યોગમાં એવા પાવરધા અને પાવરફુલ બનો કે માયા છોને તોડીને ભડાકા કરી લેતી.

ફુલઝર (તારામંડળ)

બોલો તો મોંમાથી ફુલ ઝરે એવી આપણી વાણી, વર્તન અને વિચાર હોવા જોઈએ.

ટેટા

બાબા કહે છે - ભલે ફોડો ટેટા, પણ રહો થોડા છેટા, કદી ના બનો ઘેટાં, હવે સમજ્યાં મારા બેટા.

આજનું સુવાક્ય

તમારા હૃદયમાં ઉંચી ભાવનાના દીવા પ્રગટ થશે તો આફતની અમાસ પણ તમારા માટે અવસરની દિપાવલી બની જશે.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 07નું અનુસંધાન)... અમૃતધારા

ભર્યું હતું તો હવે જ્યારે એના તે દાંતજ રહ્યા નથી અને શરીર પણ જર્જર થઈ ગયું છે તથા મોટે ભાગે બદલાઈ ગયું છે ત્યારે એનું ફળ કોણ ભોગવશે? દંડ સંહિતાનો એ નિયમ છે કે જેણે અપરાધ કર્યો છે તેને સજા મળવી જોઈએ. હવે જ્યારે અપરાધ કરનારા શરીરની જગાએ લગભગ બીજું જ શરીર આવી ગયું, તો એ બીજા શરીરને દંડ મળવો એ ન્યાયની બાબતમાં વિરૂદ્ધ ગણાશે. તેથી સૌથી પહેલાં આ સત્ય સિદ્ધાંતના જ્ઞાનની જરૂર છે કે કર્તા અને ભોક્તા એક ત્રૈકાલિક સત્તા આત્મા જ છે. તે મારું સ્વત્વ છે. હું જ મારા કર્મના બંધનમાં બંધાઈને પોતાના જ દંડનો પાયો નાખું છું. હું આ બંધનમાંથી મુક્ત બનું તેવાં કર્મો પણ કરી શકું છું.

॥ ઓમશાંતિ ॥

બીમારીઓની સુનામી આવી રહી છે.

બ્ર.કુ. ડૉ. સુરેજા, બાંટવા

બીમારીઓથી બચવું છે? ખુશી અને તંદુરસ્તી જોઈએ છે? તો આ વાંચો અને જીવનમાં અમલ કરો.

આજથી 5000 વર્ષ પહેલા ભારત સ્વર્ગ ભૂમિ હતું, દેવતાઓ સ્વર્ગની અંદર રાજ કરતા હતા, બધા શરીરથી અને મનથી તંદુરસ્ત હતા. શરીર કંચન કાયા હતી, પરસ્પર પ્રેમ અને આનંદથી વહેવાર કરતા હતા.

આજથી 50 વર્ષ પહેલા બ્લડપ્રેશર, હૃદયના હુમલા, ડાયાબીટીસ, દમ, એસીડીટી વજન વધવું, કેન્સર, થાઈરોઈડ, ગોઠણ, ડોક અને કમરના દુઃખાવાના કેસ ભાગ્યે જ જોવા મળતા હતા, અત્યારની પરિસ્થિતિ ખૂબ જ ચિંતાજનક છે. અત્યારે 100 માણસોએ 45 % લોકોને બ્લડપ્રેશર છે. 25% ને ડાયાબીટીશ છે. 15% કેન્સર છે, 45 %ને સાંધાના દુખાવા છે. 90% લોકો માનસિક રોગોથી પીડાય છે. 70% લોકો વ્યસનથી પીડાય છે અત્યારે 100 માણસોએ 200 બીમારીઓ છે. જો આપણે બીમારીઓ તરફ જાગીશું નહીં તો થોડા વર્ષોમાં 100 માણસોએ 500 બીમારીઓ જોવા મળશે. એટલે કે મોટા ભાગના માણસો ડાયાબીટીશ, બ્લડપ્રેશર જેવી બીમારીથી પીડાતા હશે.

મનની બીમારી - જેવી કે કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર ડીપ્રેશન તનાવ ગભરામણ અનિદ્રા, ભય અને એ ટાઈપની પર્સનાલીટીથી પીડાતા હશે.

સામાજિક રોગો - પરસ્પર નફરત હરીફાઈ એકબીજા વચ્ચેનો પ્રેમ ઘટતો જાય છે. છૂટાછેડાના કેસ વધતા જાય છે, તેમજ ફેશન, બ્યુટી પાર્લર, મોબાઈલ, તેમજ ટીવી સીરીયલની પાછળ ખૂબ જ સમય બરબાદ થઈ રહ્યો છે તેમજ ચોરી, બળાત્કાર, મારામારી જેવા કેસોની સંખ્યા પણ ખૂબ જ વધી રહી છે.

આધ્યાત્મિક રોગોમાં - ધર્મ ધર્મ વચ્ચે વિવાદ, ધર્મના નામે આતંકવાદ વધતા જાય છે. જે આખા વિશ્વ માટે ખૂબ જ ચિંતાજનક સ્થિતિ છે.

મેડીકલ સાયન્સએ ખૂબ જ પ્રગતિ કરી હોવા છતાં જુદા જુદા નવા રોગો કૂદકે ને ભૂસકે વધતા જાય છે, એમાં ખુદ ડોક્ટરો પણ બીમારીથી દૂર રહી શકતા નથી.

મારો અનુભવ

આજથી 30 વર્ષ પહેલાં હું દિવસમાં 200 થી 250 દર્દીઓને તપાસતો હતો, શરીર કે મન તરફ ધ્યાન દેવા માટે સમય ન હતો, પરિણામ સ્વરૂપ ગોઠણ, ડોક અને કમરના દુખાવા શરૂ થયા. એસીડીટી, બ્લડ પ્રેશર, તેમજ પથરી જેવી બીમારીઓ આવી, પછી મે શરીર તરફ ધ્યાન આપેલું ખોરાક બદલ્યો, નિયમિત કસરત શરૂ કરી, લાઈફ સ્ટાઈલ બદલી, તેમજ મનને શાંત કરવા માટે ધ્યાનની શિબિરોનો અભ્યાસ કરેલ, છેલ્લા 30 વર્ષથી રાજયોગ મેડીટેશનનો અભ્યાસ કરવાથી શરીર અને મન તંદુરસ્ત થઈ ગયેલ છે. બધી બીમારોમાંથી મુક્તિ મળેલ છે. 73 વર્ષની ઉંમરે ખૂબ જ ઉમંગ, ઉત્સાહ, સ્ફૂર્તિ, ખુશી, આનંદ અને પ્રેમનો અનુભવ થાય છે. જીવનમાં હેલ્થ વેલ્થ અને હેપીનેસ ફરીથી પ્રાપ્ત થયા છે, જીવન જીવવાનો અનેરો આનંદ પ્રાપ્ત થયો છે.

આ અનુભવથી સમજાયુ કે તંદુરસ્ત રહેવા માટે આત્મા અને શરીરનું જ્ઞાન જરૂરી છે.

તંદુરસ્ત કોને કહેવાય?

W H O પ્રમાણે જે શરીરથી, મનથી, સામાજિક તેમજ આધ્યાત્મિકથી તંદુરસ્ત હોય તેને તંદુરસ્ત કહેવાય. ચાલો આપણે સાથે મળી શારીરિક, માનસિક, સામાજિક, આધ્યાત્મિક રોગો તેમજ વ્યસનોમાંથી મુક્ત કરવા સમાજની સેવા કરીએ.

શરીરને તંદુરસ્ત રાખવા માટે આટલું કરો

ખોરાક - શરીરની 80% બીમારીઓ માટે ખોરાક જવાબદાર છે. સંતુલિત, સાત્વિક, રેસાવાળો ખોરાક જેવા કે લીલા શાકભાજી, તાજા ફળો, ફણગાવેલા કઠોળનો ઉપયોગ વધારીએ, અનાજ અને કઠોળ પ્રમાણસર લેવાના.

શું ન ખાવું?

ખાંડ, ગ્લુકોઝ, મીઠાઈઓ, તેલવાળા અથાણા, સરબત, ફરસાણ, ઠંડાપીણા, ચોકલેટ, પેસ્ટ્રી કેક, આઈસ્ક્રીમ, જામ, જેલી, કેન્ડી, બીયર, આલ્કોહોલ, ચિઝ, ક્રીમ, બેકરીની વસ્તુઓ, નોનવેઝ, જંકફુડ, બીસ્કીટ, ફ્રીઝની આઈટમો, વાસી ખોરાકથી બચવું જોઈએ, દાજીયા તેલનો ઉપયોગ ફરીથી કરવાનો નહીં.

પાણી - આપણે નિયમિત 10 થી 12 ગ્લાસ પાણી પીવાનું રાખો, પાણી બેઠા બેઠા અને ઈશ્વરની યાદમાં ધીમે ધીમે પીવાનું.

કસરત - નિયમિત આજીવન કસરત કરવી જોઈએ, સૂર્યોદય સમયે 45 મિનિટ ઝડપથી ઈશ્વરની યાદમાં આત્મિક સ્થિતિમાં ચાલવું, સાંજે સૂર્યાસ્ત સમયે આરામથી 30 મીનીટ ચાલવું, અષ્ટાંગ યોગ, આસનો, પ્રાણાયામ, સ્વીમીંગ, સાયક્લીંગ કરવા, સવારે એક્યુપ્રેશરના પાટીયા પર ઉભા રહેવું, દિવસમાં હાથ પગના પોઈન્ટ દબાવવા, મુદ્રાઓનો અભ્યાસ કરવો.

|| ઓમશાંતિ ||

મનને સ્વાસ્થ્ય સાથે સંબંધ

બ્ર.કુ. કિશોર મહેતા, ધોરાજી

મનને સ્વાસ્થ્ય સાથે સંબંધ છે એટલું જ નહીં પણ તેને મનુષ્યનાં ચારિત્ર્ય સાથે પણ સંબંધ છે. કહેવાય છે કે જેણે સ્વાસ્થ્ય ગુમાવ્યું એણે કાંઈક ગુમાવ્યું છે પરંતુ જેણે ચારિત્ર્ય ગુમાવ્યું તેણે તો સર્વસ્વ ગુમાવ્યું છે. તો ગુમાવેલું પાછું મેળવવા મનને રજૂ કરવું પડે. સાધારણ મનોચિકિત્સક સમક્ષ નહીં પરંતુ સર્વશક્તિમાન મનોચિકિત્સક સમક્ષ રજૂ કરવું પડે જેનાથી 100 % ફાયદો થાય. આ માટે આ પત્રના શીર્ષકમાં જણાવેલ છે કે, સર્વ-શક્તિમાન મનોચિકિત્સકને મળો, વ્યસન ટેન્શનની સમસ્યાને ટાળો. અલબત્ત, એ મળશે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયમાં રાજયોગ દ્વારા, પરંતુ એને ઓળખવા માટે ખુદની ઓળખાણ જોઈશે. મૃત્યુ પામેલ મનુષ્યનું શબ પડ્યું હોય છતાં કહેવાય છે કે, ફલાણી વ્યક્તિ જતી રહી તો જનાર જીવ (આત્મા)ને કોઈએ જોયો નથી કેમ કે તે અદૃશ્ય છે દિવ્ય જ્યોતિબિંદુ સ્વરૂપે, તેમ પરમાત્મા (સર્વશક્તિમાન મનોચિકિત્સક) પણ એવા જ દિવ્ય જ્યોતિબિંદુ સ્વરૂપ જ છે. જેને પૂજવા માટે 12 જ્યોતિર્લિંગ ઈશ્વર તરીકે પ્રસિદ્ધ છે.

દુનિયામાં આજે મનોચિકિત્સકો કેટલા છે? તનના ડોક્ટરોની સંખ્યા સામે મનના રોગીઓનો તો રાફડો ફાટ્યો છે!! પરંતુ માનસિક તનાવ મટાડવા સારામાં સારા ડોક્ટર જે સર્વશક્તિમાન છે તેની પાસે જ જવાય ને? વળી, એ આપણા પરમ પિતા હોવાને નાતે 'ફ્રી ઓફ'માં સારવાર કરે છે!! ઊંચામાં ઊંચી સારવાર મફતમાં થતી હોય તો કેવું સારું! અને વ્યસનની ગુલામીમાંથી છૂટી જઈ સ્વતંત્ર ખુશખુશાલ જીવન જીવવાનો આનંદ મળે તો એથી રુડું શું? || ઓમશાંતિ ||

પ્રભુને પત્ર

બ્ર.કુ. ઉમેશ, ઉમરગામ

મારા પ્રાણપ્યારા બાબા, દુનિયામાં કોઈની પાસે નથી એવું ત્રણ કાળનું જ્ઞાન તમે મને આપીને મારું જીવન ધન્ય બનાવ્યું. દુનિયાનું શું ભવિષ્ય છે એની મને પાકી સમજ છે. બાબા, તમે કહ્યું છે કે આ દુનિયા બદલાવાની છે. બદલાઈને કેવી બનશે એ પણ તમે સ્પષ્ટ કર્યું છે. આવનારી એ દુનિયા ખૂબ જ સતોપ્રધાન અને સાત્વિક હશે. એ દુનિયા રહેવા લાયક હશે. સાચે જ બાબા. આ દુનિયા ભલે સુખ-સગવડનાં સાધનોથી ભરી ભરી છે. ખૂબ જ આધુનિક છે. પરંતુ એ સાધનોથી મળતું દુઃખ સુખથી અનેક ગણું છે. સુખ-સગવડનાં સાધનો ક્યારે દુઃખ દઈ જાય એનું કંઈ કહેવાય નહીં. ટેકનોલોજી ક્યારે દગો દઈ બેસે એ કહી શકાય નહી. આજે વિજ્ઞાન અને ટેકનોલોજીની ચકાચોંધની વચ્ચે આધ્યાત્મિકતા દબાઈ જતી જોવા મળે છે. બાબા, તમને પણ ભગવાનને પણ મનુષ્ય પોતાનો સ્વાર્થ સધાય એટલા ખાતર જ પૂજવા લાગ્યો છે. અનાથાશ્રમ અને વૃદ્ધાશ્રમની સંખ્યા વધતી જાય એ સારી નિશાની નથી જ નથી. બાબા, મનુષ્ય નિષ્ઠુર બનતો જાય છે. અગાઉ કરતાં સુખ ખૂબ વધ્યું હોય એવું ભલે લાગે, પણ એ આભાસી સુખ છે. દુનિયાની હાલત તો કથળતી જાય છે. દુનિયા ખરેખર જ રહેવા લાયક નથી રહી. તમે તો દુનિયાના સર્જનહાર અને પાલનહાર છો. તમારા આયોજન મુજબ આ દુનિયાનું પરિવર્તન હવે આવશ્યક છે જ. બાબા, હું તમારા એ પરિવર્તનના કાર્યમાં તન - મન- ધનથી મદદગાર બનીશ.

બાબા, દુનિયામાં ધાર્મિક કટ્ટરતા તો ડરાવી-કંપાવી દે એ હદે વધી છે. પોતાનો જ માર્ગ સાચો એવું માનીને અન્યોને જીવવાનો અધિકાર જ નથી એવી ગેરસમજમાં રાચતા રહીને કટ્ટર મનુષ્યો જે બર્બરતાપૂર્ણ કૃત્યો કરે છે એ કંપાવી દેનારા છે. ગરીબાઈ, નિરક્ષરતા, પ્રચંડ વસતી વધારો, ભૂખમરો આ બધી લગભગ નિર્મૂળ ન કરી શકાય એવી સમસ્યાઓ ઉપરાંત કટ્ટરવાદ, આતંકવાદ, લવજેહાદ, મનુષ્યનો રાક્ષસને અતિક્રમી જાય એવો ક્રોધ અન્યો પ્રતિ તિરસ્કાર અને નફરત.... આ બધું અસહ્ય બનતું જાય છે બાબા. ભારતમાં ઠેર-ઠેર સાવ જ નાની વયના - 18 થી 20 વર્ષના યુવાનો દ્વારા હત્યાનો જે સિલસિલો ચાલ્યો છે એના પરથી એ સમજવું મુશ્કેલ બન્યું છે કે આટલી નાની વયના યુવાનો આટલા ક્રૂર કેવી રીતે બન્યા છે? ખૂબ જ નિર્દયતાથી અને નિર્મમતાથી જાહેરમાં સરેઆમ ચાકુના 30-40 ઘા કરવા, કે ચાકુથી ગળું કાપીને માથું ધડથી અલગ કરી નાખવું.... આટલી ક્રૂરતા કંપાવનારી તો છે જ બાબા. વિદેશમાં 10વર્ષથી ય નાનાં ટાબરિયાં સ્કૂલોમાં ગન ચલાવી લે છે.

બાબા, તમે કહ્યું જ છે કે દુનિયામાં મહાપરિવર્તન બે રીતે આવશે. વિદેશોમાં આણવિક શસ્ત્રો દ્વારા યુદ્ધો થશે અને ભારતમાં કુદરતી આપદાઓ તેમ જગૃહયુદ્ધો દ્વારા વસતી નિયંત્રિત થશે. બાબા, કેટલી સાચીછે તમારી ભવિષ્યવાણી. ભારત ખૂબ જ તીવ્ર વેગે આંતરિક ગૃહયુદ્ધો તરફ ધસતું જઈ રહ્યું છે. અત્યારે અણસાર મળી રહ્યા છે કે નજીકના ભવિષ્યમાં ઘરની બહાર નીકળવાનું બંધ થઈ જશે. ઘરની બારી પણ ખોલી શકાશે નહીં. ઠેર ઠેર લોહિયાળ

(અનુસંધાન પેજ નં. 33 પર)

પ્રભુનો સંદેશ

બ્ર.કુ. શંકરભાઈ પટેલ, ખેરવા

પ્રાચીન ભારતની ભૂમિ અજોડ અને સાંસ્કૃતિક વારસો ધરાવતો ઋષિમુનિઓનો દેશ છે. આ ભૂમિ વીરો અને વીરાંગના ઓથી સંસ્કૃત અને અવિસ્મરણથી તેજસ્વી ભૂમિ છે. રાજા દુષ્યંત અને શકુંતલાનો વારસો ભરત છે. તેના નામ પરથી ભારત નામ પડેલ છે. ભારત વિશ્વમાં પ્રથમ નંબરનો દેશ હતો ભારતની સંસ્કૃતિ અજોડ હતી. પરંતુ યુગનો પલટો થવાથી દેશની ગરિમા જળવાઈ શકી નથી. આજનો અર્વાચીન સમય ભોગવિલાસ વાણીવિલાસના ભભકાથી શુષ્ક બની ગયો છે. દુઃખ, અશાંતિ, ચિંતા, ભય, માણસને ભયભિત બનાવી રહ્યાં છે. દિવ્યતાનું પતન થઈ રહ્યું છે. કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે રાવણની જેમ સત્યાનાશ કરી રહ્યા છે. વિજ્ઞાન - મનુજ્ઞાન પચી શકતું નથી. અપચો થઈને લોકો દુઃખી થઈ રહ્યા છે. વૈજ્ઞાનિક જરૂરી શોધોનો દૂરૂપયોગ થઈ રહ્યો છે. જેથી, સાચું જ્ઞાન પ્રાપ્ત થવાના બદલે ખોટી દિશામાં જ્ઞાન ફૂંકાઈ ગયું છે. હવે આ સમય જાગૃતિ લાવવાનો સમય છે. માણસ જ્યારે આધ્યાત્મિક જાગૃતિ પ્રાપ્ત નહીં કરે ત્યાં સુધી સાચી દિશા પ્રાપ્ત થશે નહીં. ભગવાને અર્જુનને વિષાદમાંથી ઉગારી કર્મ, ભક્તિ અને જ્ઞાન આપ્યું જેનાથી વિશ્વનું કલ્યાણ કરવાનું બીડું ઝડપ્યું. રાવણ કોને કહેવાય. આત્માની સાચી સમજણ આપી. દેહના સંબંધો નિત્ય નથી. અનિત્ય છે. આત્મા અમર છે. કદી મરતો નથી. પવન સૂકવી શકતો નથી. પાણી ભીંજવી શકતું નથી. આત્માનું એક જૂનું મકાન (શરીર) છોડી નવું મકાન (શરીર) ધારણ કરે છે. જે જ્ઞાન પ્રગટ થવાથી, કાયમી શાંતિ પ્રાપ્ત થાય છે. જે જ્ઞાન ગીતા દ્વારા - અધ્યાય. 1 થી 6 કર્મયોગ, 6 થી 12 ભક્તિયોગ, તેમ 13 થી 18 જ્ઞાન યોગમાંથી ઉપલબ્ધ થયું છે. જે જ્ઞાનના ભગવાન શિવબાબા છે. શિવબાબા સર્વે સર્વા સતગુરુ છે. દેવોના પણ દેવ. મહાદેવ છે. જેમની ભક્તિ-જ્ઞાન દ્વારા ઉપલબ્ધ થઈ રહી છે. જેમાં કીમતી હીરા ઝવેરાત લઈને શિવબાબા તેમના બચ્ચાઓને આપવા આવે છે. જેનો સમય સવારે 4.00 વાગે અમૃતવેળા. એ બાબા જાતે આવી તેમના શ્રીમત પ્રમાણે ચાલનારા બાળકોને રત્નોની ઝોળી દાનમાં આપે છે. જેનાથી સતયુગમાં જવાનો તથા 21 જન્મો સુધી કોઈ જાતનું દુઃખ, ભય કે કોઈ અજ્ઞાન રૂપી રાવણનો ભય કે કોઈ ચિંતા રહેતી નથી. તો આવો.. દરરોજ શિવબાબાને ડગલે પગલે યાદ કરી તેમનું તન કરીએ. શુક્રિયા બાબા.....

॥ ઓમશાંતિ ॥

- **આ સૃષ્ટિનાટકમાં જે પણ કંઈ થાય છે એમાં કલ્યાણ સમાયેલું છે. શા માટે? આમ કેમ થયું? એવો પ્રશ્ન સમજદારના મનમાં જન્મશે નહીં. નુકસાનમાં પણ કલ્યાણ સમાયેલું છે. બાપ (પરમાત્મા)નો સાથ અને હાથ છે. તો અકલ્યાણ થઈ શકતું નથી. આવી શાન (સમજણ)ની સીટ પર રહો તો કદી પરેશાન થઈ શકશો નહીં. સાક્ષીપણાની સીટ પરેશાની શબ્દને ખતમ કરી દે છે. એટલા માટે ત્રિકાળદર્શી બનીને પ્રતિજ્ઞા કરો કે પરેશાન થઈશું નહીં અને કોઈને પરેશાન કરીશું નહીં.**

વર્ષ 2024 માટે વિશેષ સૂચના

બ્ર.કુ. નંદિનીબેન, સુખશાંતિ ભવન, અમદાવાદ.

બ્રહ્માકુમારીઝ સેવાકેન્દ્રોના નિમિત ઇન્ચાર્જ બહેનો, સેવાસાથી બહેનો, બ્રહ્માકુમાર ભાઈઓ-બહેનો તથા સૌ પ્યારાં સ્નેહી વાંચકમિત્રો, આપ મંગળ કુશળ હશો, તેવી શુભ આશા છે.

જાન્યુઆરી, ૨૦૨૪થી ગુજરાતી જ્ઞાનામૃતનું નવું વર્ષ શરૂ થનાર છે. આપ સૌને નમ્ર વિનંતી છે કે, નવા વર્ષ ૨૦૨૪ માટે આપના સેવાકેન્દ્રોની જ્ઞાનામૃત મેગેઝીનની કુલ સંખ્યા જેમ બને તેમ જલ્દીથી

તારીખ ૩૦, નવેમ્બર ૨૦૨૩ પહેલા
જ્ઞાનામૃત કાર્યાલય - સુખશાંતિ ભવન,
બ્ર.કુ. નંદિનીબેનને જ્ઞાનામૃતના
Email - gyanamrit.guj@gmail.com

અથવા

વ્હોટસએપ નંબર - +૯૧ ૯૪૨૬૭ ૦૮૪૪૮

દ્વારા ખાસ લેખિતમાં જાણ કરશોજી. જ્ઞાનામૃતનું લવાજમ યથાવત જ રાખેલ છે. જાન્યુઆરી ૨૦૨૪નો અંક ખૂબ એડવાન્સમાં તૈયાર થઈને પ્રિન્ટીંગ માટે પ્રેસમાં અગાઉથી ડિસેમ્બર ૨૦૨૩માં આપી દેવાનો હોય છે. આપ સૌની અથાક મહેનત, પરિશ્રમ અને સહકારથી જ્ઞાનામૃતના અંકોની સંખ્યા અમને ૩૦ નવેમ્બર સુધીમાં એડવાન્સમાં મળી જાય તો પ્રિન્ટીંગમાં વધુ સગવડતા રહે.

આપ સૌ નિમિત બહેનોને ખાસ નમ્ર અરજ કરવાની કે, બાબાનો સંદેશ જન-જન સુધી પહોચાડવાની સેવા માટે આપ આપના ક્લાસના સૌ ભાઈ-બહેનોમાં ખૂબ ઉમંગ-ઉત્સાહ ભરી સભ્યો બનાવવાનું લક્ષ્ય રાખશો. સેવાકેન્દ્ર અને ગીતા પાઠશાળાના દરેક બી.કે. પરિવારમાં ઘરે બાબાનું ગુજરાતી જ્ઞાનામૃત અવશ્ય જાય તે હેતુથી, બેહદની સેવા માટે જૂના મેમ્બરોને ચાલુ રાખી, બીજા નવા (ઓછામાં ઓછા) બે-ત્રણ સભ્યો બનાવી જ્ઞાનદાન કરવાની સેવામાં પોતાનું ભાગ્ય બનાવવાના આ સુંદર મોકાને ઝડપી સેવા કરી લેશોજી. દરેક બાબાના બાળકો પોતે સભ્ય બની અંક વાંચીને પોતાનો તે અંક બીજાને વાંચવા આપીને દર મહીને જ્ઞાનની સેવા કરવાની તક લે, તેવી પ્રેરણા જરૂર આપશો. તમે સભ્ય બની ૧ વર્ષમાં ૧૨ અંક દ્વારા જુદા-જુદા ૧૨ પરિવારો, પાડોશી, સ્નેહીજનોની સેવા થશે. બીજા નોન-બી.કે. ભાઈ-બહેનો, ઓફીસના અધિકારીયો, મિત્રો, વેપારીઓ, સમાજસેવી સંસ્થાઓ, મહિલા મંડળ, શાળા-કોલેજ, લાઈબ્રેરીવાળાને જરૂરથી સભ્યો બનાવવાનું લક્ષ્ય ભાઈ-બહેનોને આપશો. સૌ વાંચકમિત્રોને પણ સાદર વિનંતી કે, તમે પણ ઓછામાં ઓછા ૩ નવા સભ્યો જરૂર બનાવશો.

જ્ઞાનામૃતનું સંપાદન, ડિઝાઈનીંગ, પ્રિન્ટીંગનું કામ ખૂબ નિયમિત રીતે ચાલે છે. મેગેઝીન પહોચાડવા માટે ટ્રાન્સપોર્ટ અને ટપાલ ખાતાની નિયમિત સેવાઓ પણ મળે છે. જેથી આપને રેગ્યુલર જ્ઞાનામૃત મોકલી રહ્યાં છીએ. આપને સમયસર, સારી સ્થિતિમાં, વ્યવસ્થિત રીતે અંકો મળી જતાં જ હશે તેવી જ્ઞાનામૃત ટીમને આશા છે. તેમ છતાં પણ જ્ઞાનામૃત બાબતે આપને કોઈ પણ તકલીફ પડતી હોય, કોઈ સલાહ કે સૂચન તો આપ ચોક્કસપણે નિ:સંકોચ સીધો સંપર્ક કરશો. મેગેઝીનના અંકો આપની અનુકૂળતા પ્રમાણે સેવાકેન્દ્ર ઉપર, જે તે સભ્યોને સીધા તેમના ઘરે ટપાલથી મોકલી શકાય તેવા સરકારના નિયમો પ્રમાણે આયોજન કરીએ છીએ.

આપ સૌને જણાવવાનું કે **જ્ઞાનામૃત ઈ-કોપી બી.કે. મેગેઝીનની વેબસાઈટ, જીઓ એપ્લીકેશન** ઉપર પણ ઉપલબ્ધ છે.

આભાર માટે - સમગ્ર વર્ષ દરમ્યાન આપ સર્વ નિમિત ટીચર્સ બહેનો, સર્વ નાની મોટી સાથી બહેનો, જ્ઞાનામૃતના સૌ વર્તમાનના સભ્યો, જ્ઞાનામૃત માટે દરેક સેવાકેન્દ્ર પર નવા સભ્યો બનાવવા, યાદી તૈયાર કરવી, ટ્રાન્સપોર્ટમાંથી લાવવા તેને ક્લાસમાં, ગીતા પાઠશાળામાં, શહેર-ગામમાં બીજા નોન બી.કે. સભ્યોને આપવા જવાની સેવા પૂરી પાડનાર, સમ્રગ વર્ષ દરમિયાન લેખ અનુભવ લખી નિયમિત લખી મોકલવા, સેવાકેન્દ્રો દ્વારા થતી દરેક સેવાના ફોટા પાડવા અને સમાચાર સાથે સમયસર મોકલવા જેવી ઘણી સેવાઓમાં આપ સૌકોઈનો દરેક કાર્યમાં ખૂબ-ખૂબ સાથ, સહકાર અને સપોર્ટ જ્ઞાનામૃતને મળતો આવ્યો છે. તે બદલ સંપાદક અને સમગ્ર જ્ઞાનામૃત ટીમ આપનો અંતઃકરણ પૂર્વક ખૂબ ખૂબ આભાર માને છે, અમે આપના ઋણી છે. છેલ્લા ૫૨ વર્ષથી બાબાની આ સેવાઓ અવિરત ચાલી રહી છે, અને ભવિષ્યમાં પણ આપણે સૌ સાથે મળીને જ્ઞાનામૃતની સેવાઓને આગળ વધારીને ચાલુ જ રાખીને વધુ અને વધુ સેવાઓને આગળ ધપાવતા રહીએ, તેવી અભ્યર્થના સાથે જ્ઞાનામૃત ટીમ આપ સૌ નામી-અનામીનો અંતકરણ પૂર્વક દિલથી ખૂબ-ખૂબ આભાર માને છે.

તો સમયસર આપની નવા વર્ષની સંખ્યા અમને મળી જશે તેવી શુભ આશા અને પૂર્ણ વિશ્વાસ છે. આભાર સહ.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 30નું અનુસંધાન)... **પ્રભુને પત્ર**

ક્રૂર હુલ્લડો-તોફાનો થતાં હશે. લોકો શાકભાજી કાપતા હોય એ રીતે એકબીજાને કાપી નાખતા હશે. બાબા, મને પૂરો ભરોસો છે કે તમને ઓળખી લેનારા, તમારી શ્રીમત પર ચાલનારા સૌ ઈશ્વરીય બાળકોના સંરક્ષક અને પાલનહાર તમે જ છો. તમારા કાર્યના આરંભકાળે તમે જે રીતે બાળકોને લોકોના વિરોધ સામે બચાવી રાખેલા એ જ રીતે આવનારા સમયમાં પણ તમે કુંભારની ભઠ્ઠીમાં પડેલાં બિલાડીનાં બચ્ચાંને બચાવશો. બાકી દુનિયામાં, અને ખાસ કરીને ભારતમાં નફરત અને ગુસ્સાનો અગ્નિ જે રીતે દાવાનળનું સ્વરૂપ પકડી રહ્યો છે એ સમસ્તને ખતમ કરીને જ રહેશે. પણ બાબા, મારું માનવું છે કે આપણે હંમેશાં સર્વનું કલ્યાણ જ ઈચ્છવું જોઈએ. બ્રેઈનવોશ કરાયેલાં લોકો અન્યોની જે રીતે હત્યા કરે છે એમનું પણ, અને જે ભોગ બને છે એમનું પણ ભલું ઈચ્છવું એવું તમે શીખવાડ્યું છે. કારણ કે હું માનું છું કે જો કોઈ બીજાઓ માટે હંમેશાં બૂરું જ વિચારે તો તે પોતાના માટે કદી સારું વિચારી ન શકે. કાગડો કોયલના અવાજને દબાવીતો શકે પરંતુ પોતાના અવાજને કોયલના અવાજ જેવો મધુર ન બનાવી શકે. હંમેશાં સજ્જનોની નિંદામાં જ રાચતાં રહે છે એ લોકો સજ્જન બનવાની કોશિશ કરે એ વધુ ઈચ્છનીય છે. સાચું ને બાબા ...?

બાબા, દિલમાં ઘણા ઉમળકા છે. મનમાં ઘણા સાત્વિક વિચારો છે. એ બધું તમારી સાથે વહેંચતો રહીશ. અત્યારે તો મારી કલમને વિરામ આપું.

॥ ઓમશાંતિ ॥

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલીના વિભાગમાં ઓક્ટોબર, ૨૦૨૩ માસની શબ્દાવલી – ભાગ–૩૫ના જવાબો આ સાથે છે. જ્ઞાનચિંતનના આધારે તમારા જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. સંગમયુગની શબ્દાવલી – ભાગ–૩૬ અહીં પ્રસ્તુત છે. જેની આડી–ઉભી ચાવીઓ ભરશો. તમને આવતાં ડિસેમ્બર, ૨૦૨૩ના અંકમાં આ શબ્દાવલી – ભાગ–૩૬ના જવાબો મળશે.

સંગમયુગની શબ્દાવલી : ભાગ-૩૬

1	2	3	4		5	6		7	8
9				10				11	
12				13	14				
	15	16						17	
18				19			20		21
				22			23	24	
25			26			27			
		28		29				30	31
32			33				34		
		35							36

શબ્દાવલી ભાગ-૩૫ ના જવાબોવાળું કોષ્ટક

1 નો	2 લે	જ	3 ફુ	4 લ		5 ના		6 આ	7 ભા
8 ર	બ		9 ર	મ	ઝ	ટ		10 ત	ર
11 તા	લ		સ			12 ક	યા	મ	ત
			13 દ	14 શે	15 રા				મા
16 ગાં	17 ધી	જી		18 રા	જ	19 કો	ટ		તા
20 ધા	ર		21 દુ	વા		ય		22 વિ	
23 રી	જ	ર્વ		24 લી	25 મ	ડો		26 રા	27 સ
			28 ફૂ		લા		29 બ	ટ	ર
30 ગાં	31 ગે	દા	દી		ઈ		32 ગુ	રૂ	
33 ગા	મ		34 નો	ર્થ		35 ઢી	લા	પ	ન

આડી ચાવીઓ –

૧. દીપકોને મળવા આવ્યા (૪)
૫. શુભ મુહુર્તનો દિવસ (૫)
૯. અષ્ટશક્તિઓમાંની એક શક્તિ (૫)
૧૧. સરસામાન (૨)
૧૨. ..... બોલો ધીરે બોલો (૨)
૧૩. નવા વર્ષની સૌને ..... (૪)
૧૫. જ્ઞાન, યોગ, સેવા અને ..... (૩)
૧૭. એકનો ચોથો ભાગ (૧)
૧૮. નોલેજ (૩)
૧૯. માચીસ (૪)
૨૨. 'નલ' શબ્દને ઉલ્ટો લખો (૨)
૨૩. એક નદીનું નામ (૩)
૨૫. શિવાય ..... (૨)
૨૬. ધૂંધળુ (૨)
૨૭. મોજું, વમળ (૩)
૨૯. એક ગ્રહ (૨)
૩૦. નકામું (૨)
૩૨. ધનતેરસના દિવસે ..... થાય (૪)
૩૪. ગૃહસ્થ જીવન ..... સમાન જીવન (૫)
૩૫. યોગીનો એક પ્રકાર (૫)
૩૬. 'કચ્છ' શબ્દને ઉલ્ટો લખો (૨)

ઊભી ચાવીઓ –

૧. દીવો (૩)
૨. શાંતિધામ (૫)
૩. કોઈ પણ વસ્તુને બાળવાથી ..... થાય (૨)
૪. કીર્તી (૨)
૬. નૈયા બીચ ..... મે ખડી હૈ (૩)
૭. અનાજ દળવાનું સાધન (૨)
૮. 'વટાણા' શબ્દને હિન્દીમાં લખો (૩)
૧૦. 'મુક્તિ' શબ્દને ઉંધો લખો (૨)
૧૪. બગીચે કા માલિક (૪)
૧૬. નિશા, રાત્રિ (૩)
૧૮. એક ગુણ (૬)
૧૯. એક મિઠાઈ (૪)
૨૦. 'રંગોળી' શબ્દને ઉંધો લખો (૩)
૨૧. બુધ્ધિ (૨)
૨૪. ગ્રાહ (૫)
૨૮. એક સુંગધી પદાર્થ (૩)
૩૧. 'ફલક' શબ્દ લખો (૩)
૩૩. મુરબ્બો (૨)

જસદણ ખાતે આટકોટ કે.ડી. પરવાડીયા હોસ્પીટલમાં દર્દીઓને રક્ષાસૂત્ર બાંધતા બ્ર.કુ. ભાવનાબેન.

રાજકોટ ગાંધીગ્રામમાં બેંક ઑફ બરોડાના મેનેજર ભ્રાતા મનોજભાઈને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. નયનાબેન.

જંબુસરમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર ભ્રાતા વી.એન. રબારીને રાખડી બાંધતા બ્ર.કુ. નયનાબેન.

પાટડી ખાતે 'શૌર્ય જાગરણ યાત્રા'ના કાર્યક્રમમાં MLA ભ્રાતા પી.કે.પરમાર, સત્યનારાયણ મંદિરના પ.પૂ. ગીરધારીદાસ બાપુ, બજરંગદળના કાર્યકર્તા મહેન્દ્રભાઈ સવસાણી, બ્ર.કુ. પ્રિયાબેન.

સુરત પરવત સેવાકેન્દ્રમાં ડેપ્યુટી મેયર ભ્રાતા નરેન્દ્રભાઈને ઈશ્વરીય ભેટ આપતાં બ્ર.કુ. સંગીતાબેન, રેમ્બો સ્કુલના ટ્રસ્ટી સીમરણબેન.

તારાપુર સેવાકેન્દ્રમાં પધારેલ MLA ભ્રાતા વિપુલભાઈ પટેલને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. હસુબેન તથા બ્ર.કુ. રીટાબેન.

અબ્રામા વલસાડ ખાતે 'જન્માષ્ટ્રમી ઉત્સવ' ઝાંખીના મનોરમ્ય દૃશ્ય સાથે બ્ર.કુ. સંગીતાબેન તથા બ્ર.કુ. વીણાબેન.

મરોલી સેવાકેન્દ્રમાં આયોજીત 'શ્રીકૃષ્ણ વિવિધ સ્વરૂપો'ના સુંદર ઝાંખીના દૃશ્ય સાથે બ્ર.કુ. મુકેશબેન.

Gyan Amrit Vol.16 | Issue 11 | November 2023 | Retail Price - 15/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2023-2025 Vaild up to 31st December-2025 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/NG/109/2023-2025 valid up to 31st December 2025, permitted to post at Ahmedabad PSO on 4th of every month.

ભારતના માનનીય રાષ્ટ્રપતિ ભગિની દ્રૌપદી મુર્મૂ સાથે શુભેચ્છા મુલાકાત બાદ શાંતિસ્તંભની પ્રતિકૃતિ આપતા બ્ર.કુ. ચંદ્રિકાબેન, બ્ર.કુ. શારદાબેન, બ્ર.કુ. કૈલાસબેન સાથે ગ્લોબલ હોસ્પિટલના ટ્રસ્ટી બ્ર.કુ. રશ્મિકાંત આચાર્ય, બ્ર.કુ. ઠાકરશીભાઈ.

રાજકોટમાં 'હાઈવે ટુ હેપ્પીનેસ' કાર્યક્રમમાં રાજયોગિની ભારતીદીદી, બ્ર.કુ. શિવાનીબેન, મેયર નયનાબેન પેંઢડીયા, ડે.મેયર ટીકુભા, ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, કલેક્ટર ભ્રાતા પ્રભવ જોષી IAS, પોલિસ કમિશનર રાજુ ભાર્ગવ IPS, બાલાજી ગ્રુપના ઑનર તથા ચેરમેન ભીખુભાઈ અને ચંદુભાઈ વીરાણી, સાંજ સમાચારના તંત્રી કરણભાઈ શાહ.

રાજકોટ રાજનગર ખાતે ગુજરાત ઝોન ઈન્ચાર્જ ભારતીદીદીના ૮૩મા જન્મદિવસે 'બ્લડ ડોનેશન કેમ્પ'માં દિપ પ્રગટાવતા રાજયોગિની ભારતીદીદી, ક્રિટીકલકેરના ડૉ. વિરલભાઈ ગાઝીપા, લત્તાબા જાડેજા એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી ડૉ. નયનાબા જાડેજા, બ્ર.કુ. અંજુબેન, બ્ર.કુ. રીટાબેન, બ્ર.કુ. ભગવતીબેન.

વડોદરા ITM યુનિવર્સિટી ખાતે અટલાદરા સેવાકેન્દ્રના સંચાલિકા બ્ર.કુ. અરૂણાબેનને ડૉક્ટર ઑફ લીટરેચરની માનદ પદવી એનાયત કરતા ઈસરોના ભૂતપૂર્વ અધ્યક્ષ ડૉ. કે.સિવન તથા ITM ગ્રુપ ઈન્સ્ટીટ્યુટના VP પ્રોફેસર આર.એસ.એસ.મણિ, ITM યુનિવર્સિટીના કુલપતિ ભ્રાતા ડૉ. અનિલ બિસેન.

છોટા ઉદેપુરમાં જીલ્લા કલેક્ટર ભગિની કુમારી સ્તુતિ ચારણ IAS, સાથે શુભેચ્છા મુલાકાત બાદ સમૂહચિત્રમાં બ્ર.કુ. મોનિકાબેન તથા બ્ર.કુ. ગીતાબેન.

કલોલના ધારાસભ્ય ભ્રાતા લક્ષ્મણજી પુંજાજી ઠાકોર (બકાજી)ને આત્મસ્મૃતિનું તિલક કરતાં બ્ર.કુ. ઝિંકલબેન.

If Undelivered Please Return to Publishing Place :
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6,
Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

Publisher : Bharti Ranchhoddas Somaiya
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com